RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક

**સુવિચાર**

પુસ્તક એટલે સમયના સાગરમાં ઉભી કરવામાં આવેલી દીવાદાંડી...

**આજનો ઇતિહાસ**

૩ મે, બાબા જસ્સા સિંહ આહલુવાલિયા, એક પ્રખ્યાત સ્વતંત્રતા સેનાની અને સમાજ સુધારક, ૧૭૧૮ માં જન્મ્યા હતા.

Year-16, Issue-22 ■ DATE : 03-05-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતે પાકિસ્તાનથી થતી તમામ આયાત પર મૂક્યો પ્રતિબંધ



### સરકારે આજે આ અંગેનું જાહેરનામું બહાર પાડ્યુંઃ પ્રતિબંધમાંથી મુક્તિ જોઈતી હોય તો સરકારની પરવાનગી લેવી પડશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતે પાકિસ્તાનથી આવતા તમામ માલની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારે શનિવારે આ અંગેનું જાહેરનામું બહાર પાડ્યું છે. એવું કહેવામાં આવ્યું હતું કે જો કોઈને આ પ્રતિબંધમાંથી મુક્તિ જોઈતી હોય તો સરકારની પરવાનગી લેવી પડશે.

મધ્યપ્રદેશના જબલપુર અને મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં ઓર્ડનન્સ ફેક્ટરીઓના કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે. મેનેજમેન્ટે કર્મચારીઓને કહ્યું હતું કે આ મુશ્કેલ સમય છે અને રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને કામ બંધ ન કરવું જોઈએ.

પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફે કહ્યું હતું કે જો ભારત સિંધુ નદીનું પાણી રોકશે તો અમે હુમલો કરીશું. આસિફે શુક્રવારે આ નિવેદન આપ્યું હતું. પહેલગામ હુમલા પછી આસિફ અગાઉ પણ પોતાનાં નિવેદનો માટે સમાચારમાં આવ્યા હતા. તેણે કહ્યું હતું કે પાકિસ્તાન ૩૦ વર્ષથી આતંકવાદીઓને આશ્રય આપી રહ્યું છે.

આ દરમિયાન ભારતે પાકિસ્તાનના માહિતી અને પ્રસારણમંત્રી અતાઉલ્લાહ તરારનું એકાઉન્ટ બ્લોક કરી દીધું છે. તરારે પાકિસ્તાન પર ભારતના હુમલાનો દાવો કર્યો હતો. શુક્રવારે જ ભારતે

### જો ભારત સિંધુ નદીનું પાણી રોકશે તો અમે હુમલો કરીશુંઃ પાક. સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફની પોકળ ધમકી

પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફના સત્તાવાર યુટ્યૂબ ચેનલ અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને બ્લોક કરી દીધા હતા.

આ દરમિયાન પાકિસ્તાની સેના પર સતત ગોળીબાર કરી રહી છે. જમ્મુ-કાશ્મીરના કુપવાડા, ઉરી અને અખનૂર વિસ્તારોમાં પાકિસ્તાની સેનાએ સતત નવમા દિવસે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું. ભારતીય સેના પાકિસ્તાની ગોળીબારનો સતત જવાબ આપી રહી છે.

ભારતે પાકિસ્તાનથી આવતા તમામ માલની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. હવે પાકિસ્તાનથી સીધી કે અન્ય કોઈ માર્ગે કંઈપણ વસ્તુ ભારત લાવી શકાશે નહીં. આ નિર્ણય દેશ અને જનતાની સુરક્ષાના હિતમાં લેવામાં આવ્યો છે. આ નિયમ તાત્કાલિક અમલમાં આવ્યો છે. સરકારે એક જાહેરનામું બહાર પાડ્યું છે. એવું કહેવામાં આવ્યું હતું કે જો કોઈને આ પ્રતિબંધમાંથી મુક્તિ જોઈતી હોય, તો તેણે પહેલા ભારત સરકારની પરવાનગી લેવી પડશે.

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં LoC પર ગોળીબારને કારણે સરકારી માધ્યમિક શાળા સરુલાના બાળકોએ બંકરમાં આશરો લીધો હતો.

બીજી તરફ ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સે ગઈકાલે હોટલાઈન પર વાત કરી હતી અને પાકિસ્તાન દ્વારા કોઈ ઉશ્કેરણી વિના કરવામાં આવેલા યુદ્ધવિરામ ઉલ્લંઘન અંગે ચર્ચા કરી હતી. ભારતે પાકિસ્તાનને એલઓસી પર પાકિસ્તાની સેના દ્વારા કોઈ પણ ઉશ્કેરણી વિના યુદ્ધવિરામ ઉલ્લંઘન સામે ચેતવણી આપી છે.

# હવે ટ્રાફિક ભંગ કરનારા વાહન ચાલકોના લાયસન્સમાં નેગેટીવ પોઈન્ટસ અપાશે

■ ટ્રાફિક નિયમભંગ તથા વધતા માર્ગ અકસ્માતો રોકવા નવી યોજના લાગુ થશે



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશભરમાં ટ્રાફિક સમસ્યા તથા નિયમોના છડેચોક ભંગ વિશે વખતોવખત સર્જાતા ઉહાપોહ તથા અદાલતો દ્વારા ટીકા વચ્ચે હવે કેન્દ્ર સરકાર દ્વારા નવી ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી રહી છે જે અંતર્ગત ટ્રાફિક ભંગ કરનારા વાહન ચાલકોના લાયસન્સમાં નેગેટીવ પેઈન્ટસ અપાશે અને તેમાં ડ્રાઈવીંગ લાયસન્સ રદ કરવા સુધીની તેમાં જોગવાઈ કરાશે.

કેન્દ્રીય પરિવહન મંત્રાલયના માહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ડ્રાઈવીંગ લાયસન્સના નિયમોમાં વધુ એક વખત બદલાવ કરવાની વિચારણા થઈ રહી છે. જોખમી-બેદરકારીપૂર્વક ડ્રાઈવીંગ કરવા બદલ વાહનચાલકને નેગેટીવ પોઈન્ટ આપવામાં આવશે. અનેક દેશોમાં આ પ્રકારે નેગેટીવ પોઈન્ટની સીસ્ટમ અમલમાં છે જ.

ઓસ્ટ્રેલિયા બ્રિટન, જર્મની, બ્રાઝીલ, ફ્રાંસ તથા કેનેડા જેવા દેશોમાં આ પ્રકારની સીસ્ટમ કાર્યરત છે જેમાં વારંવાર નિયમભંગ કરનારા વાહનચાલકોને દંડ-કાર્યવાહીની જોગવાઈ છે.

આ માટે સરકાર દ્વારા મોટરવાહન કાયદામાં ફેરફાર કરવામાં આવશે. ડ્રાઈવિંગ લાયસન્સ સાથે મેરિટ અને ડિમેરિટ પોઈન્ટ જોડવામાં આવશે. ટ્રાફિક નિયમ ભંગ કરવા બદલ ડિમેરિટ અર્થાત નેગેટીવ પોઈન્ટ મળશે જયારે સારી રીતે નિયમપાલન કરતા વાહનચાલકોને મેરિટ પોઈન્ટસ આપવામાં આવશે.

સૂત્રોના કહેવા પ્રમાણે માર્ગ અકસ્માતો રોકવા તથા ટ્રાફિક નિયમોનું અસરકારક રીતે પાલન કરાવવા માટે સરકારે ૨૦૧૯માં દંડ-પેનલ્ટીની રકમમાં તગડો વધારો કર્યો હતો છતાં તેમાં કોઈ ફેર પડયો નથી. દર વર્ષે ૧.૭ લાખથી વધુ લોકોનો માર્ગ દુર્ઘટનામાં ભોગ લેવાય છે. સરકાર એવુ માને છે કે લાયસન્સ જ રદ થવાના જોખમને કારણે વાહનચાલકો વધુ સતર્ક બનશે.

પરિણામે ટ્રાફિક નિયમનમાં સરળતા રહેશે. આ પ્રકારની બીકને કારણે વાહનચાલકો નિયમોનું પાલન કરતા હોવાનું દુનિયાભરમાં માલુમ પડયુ જ છે. હવે ટ્રાફિક નિયમન માટે સીસીટીવી કેમેરા સહિતના ઈલેકટ્રોનીકસ સંશોધનોનો ઉપયોગ થતો હોવાથી આ યોજના લાગુ કરવામાં તથા વાહનચાલકોને પકડવામાં પોલીસને મદદ મળી શકશે.

ટ્રાફીક સમસ્યાઓ વિશે કેન્દ્ર સરકારે ૨૦૧૧માં એસ.સુંદરના વડપણ હેઠળ કમીટીની રચના કરી હતી. કમીટીએ મોટર વાહન કાયદાની સમીક્ષા કરી હતી. ટ્રાફીક નિયમ ભંગ મામલે ડ્રાઈવરો-વાહનચાલકો માટે પોઈન્ટ પ્રથા સીસ્ટમ દાખલ કરવા સૂચવ્યુ હતું.

ત્રણ વર્ષમાં ૧૨થી વધુ નેગેટીવ પોઈન્ટ મળવાના સંજોગોમાં ડ્રાઈવીંગ લાયસન્સ એક વર્ષ માટે સસ્પેન્ડ કરવાની ભલામણ કરવામાં આવી હતી. ત્યારબાદ ફરી વખત ૧૨ નેગેટીવ પોઈન્ટ થાય તો લાયસન્સ પાંચ વર્ષ માટે રદ કરવાની ભલામણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત ડ્રાઈવિંગ લાયસન્સ રિન્યુ કરવાના નિયમો પણ સખ્ત કરવામાં આવશે. વાહનચાલકે ટ્રાફિક નિયમ ભંગ કર્યાના રેકર્ડ હોય તો લાયસન્સ રિન્યુ કરાવવામાં પણ ડ્રાઈવિંગ ટેસ્ટ ફરજીયાત કરવામાં આવશે. પ્રવર્તમાન કાયદામાં રિન્યુઅલ વખતે ટેસ્ટ દેવાની જરૂર નથી.

ઈલેકટ્રીક વાહન માટે પણ નિયમો બનશે અને ૧૫૦૦ વોટથી ઓછી ક્ષમતાના વાહન માટે લર્નિંગ લાયસન્સ ફરજીયાત છે.

# ગોવામાં ધાર્મિક યાત્રામાં નાસભાગ મચતા સાત શ્રધ્ધાળુઓના મોત



**મુખ્ય સમાચાર,ગોવા**

દિલ્હી ગોવાના શિરગાંવમાં લેરાઈ યાત્રા દરમ્યાન નાશભાગ મચતા ૭ શ્રધ્ધાળુઓનાં મોત થયા હતા અને ૩૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતા મુખ્યમંત્રી પ્રમોદ સાવંત ઘટના સ્થળે પહોંચ્યા હતા. ભીડના કારણે ભાગદોડ મચતાં કરૂણાંતિકા સર્જાઈ હતી. ઘાયલોને હોસ્પિટલે ખસેડાયા હતા.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ગોવાના શિરગાંવમાં આયોજિત લરાઈ જાત્રા દરમિયાન એક દુખદ ઘટના બની હતી. જાત્રા વચ્ચે નાસભાગ મચી જવાને કારણે ૭ લોકોના કચડાઈ જતા મોત થયા જ્યારે ૩૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોવા મેડિકલ કોલેજ (GMC) અને માપુસા સ્થિત ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ અકસ્માત ત્યારે થયો જ્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરંપરાગત જાત્રામાં ભાગ લેવા માટે એકઠા થયા હતા. ભારે ભીડને કારણે અંધાધૂંધી ફેલાઈ ગઈ, જેના કારણે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ. ઘાયલોમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.

ઘટનાની જાણ થતાં જ, મુખ્યમંત્રી ડો. પ્રમોદ સાવંતે પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલ અને બિચોલિમ હોસ્પિટલની મુલાકાત લીધી. મુખ્યમંત્રી ઘાયલોને મળ્યા અને તેમની સારવાર અંગે પૂછપરછ કરી અને અધિકારીઓને તમામ જરૂરી તબીબી સુવિધાઓ પૂરી પાડવા નિર્દેશ આપ્યો.

લરાઈ દેવી એક પૂજનીય હિન્દુ દેવી છે જે મુખ્યરૂપે ગોવામાં ખાસ કરીને દક્ષિણ ગોવાના શિરોડા ગામમાં પૂજા કરાય છે. લરાઈ દેવીને સમર્પિત મંદિર સ્થાનિક લોકો અને આજુબાજુના ક્ષેત્રોથી આવતા શ્રદ્ધાળુઓ માટે એક મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક કેન્દ્ર છે. લરાઈ દેવી જાત્રાને શિરગાંવ જાત્રાના નામે પણ ઓળખાય છે. તે ગોવાનો એક મુખ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવ પણ મનાય છે.

# સિંહોની વસતી ગણતરીમાં સૌરાષ્ટ્ર સહિત દિવને આવરી લેવાશે



**મુખ્ય સમાચાર,અમદાવાદ**

એશિયાઈ સિંહોની વસતી ધરાવતાં એકમાત્ર ગીર અભ્યારણ્યમાં આગામી ૧૦ થી ૧૩ મેના ચાર દિવસ સાવજોની વસતી ગણતરી થવાની છે ત્યારે પ્રથમ વખત તેમાં સમગ્ર સૌરાષ્ટ્ર તથા કેન્દ્ર શાસીત પ્રદેશ દીવને પણ આવરી લેવામાં આવનાર છે.વન વિભાગે સૌરાષ્ટ્રનાં અર્ધોઅર્ધ વિસ્તારોને સિંહોને રહેઠાણ વિસ્તાર ઘોષિત કર્યો છે. ત્યારે વસતી ગણતરીમાં તમામ ૧૧ જીલ્લાને સામેલ કરાયા છે.


ગીર અભ્યારણ્યમાં છેલ્લે ૨૦૨૦ માં સિંહોની વસતી ગણતરી થઈ હતી. ૬૭૪ સિંહો હોવાનું જાહેર થયુ હતું. ૨૦૧૫ માં ૫૨૩ ની સરખામણીએ સંખ્યામાં ૨૮.૮૭ ટકાનો વધારો માલુમ પડયો હતો. આ કવાયતમાં સૌરાષ્ટ્રનાં ૯ જીલ્લાનાં ૩૦,૦૦૦ ચોરસ કીમીનાં વિસ્તારને આવરી લેવાયો હતો.

વન વિભાગના વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે વસતી ગણતરીમાં માત્ર સિંહોની સંખ્યાની જ ગણના થતી નથી પરંતુ તેઓની મુવીમેન્ટ પેટર્ન, નર છે કે માદા, તેમની ઉંમર, ઓળખચિન્હ જેવા પાસાઓને પણ ગણતરીમાં લેવાય છે ૩૦૦૦ જેટલા વેલેન્ટીયર્સ તથા અધિકારીઓ તેમાં સામેલ થશે.હાઈ રિવોલ્યુશન કેમેરા, રેડીયો કોલર્સ, મોબાઈલ એપ સહિતની અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થશે.

અધિકારીઓનાં કહેવા પ્રમાણે માત્ર બે દાયકામાં સિંહોનો વસવાટ વિસ્તાર ૧૩૦૦૦ ચોરસ કીમીથી વધીને, ૩૫૦૦ ની ચોરસ કીમીનો થયો છે.સિંહોની વસ્તી ૩૫૯ થી વધીને ૬૭૪ થઈ છે. ૨૦૨૦ પછીનાં છેલ્લા પાંચ વર્ષમાં સિંહો રાજકોટ શહેરની ભાગોળે તથા જામનગર જીલ્લામાં પણ જોવા મળ્યા છે.

આ સિવાય પોરબંદરનાં માધવપુરા વિસ્તારમાં પણ દેખાયા છે તેનાં આધારે સિંહોએ અભ્યારણ સિવાયનાં ભાગોમાં પણ કબ્જો મેળવવાનું શરૂ કર્યાના સંકેત છે.

# ઉત્તર ગુજરાતમાં ૩.૪ની તિવ્રતાનો ભૂકંપ



### ભયભીત લોકો ઘરની બહાર નીકળી ગયા

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાતમાં આજે વહેલી સવારે ભૂકંપના આંચકાનો અનુભવ થયો હતો. ઈન્સ્ટીટ્યુટ ઑફ સિસમોલોજી રિસર્ચે જાણકારી આપતા જણાવ્યું કે, વહેલી સવારે ઉત્તર ગુજરાતમાં ૩.૪ની તીવ્રતાના ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, જેના કારણે લોકો ઘરની બહાર નીકળી ગયા હતાં.

સ્થાનિક પ્રશાસનના જણાવ્યા અનુસાર, આંચકો તેજ ન હતો. તેથી કોઈ જાનહાનિ કે માલહાનિ થઈ નથી.

આ ભૂકંપનું કેન્દ્ર ગુજરાતના બનાસકાંઠાના વાવમાં જણાવવામાં આવ્યું છે. શનિવારે સવારે ૩૩૫ વાગ્યે ભૂકંપ આવ્યો હતો.

# રાજકોટમાંથી ૪ પાકિસ્તાની અને ૬ બાંગ્લાદેશીઓ ઝડપાયા

### પોલીસ પૂછપરછ બાદ કરાશે ડિપોર્ટેશનની કાર્યવાહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લામાંથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં ૪ પાકિસ્તાની અને ૬ બાંગ્લાદેશીઓને પોલીસે પકડી પાડ્યા છે. હાલ, પોલીસ તમામની પૂછપરછ કરી રહી છે અને બાદમાં તેમની ડિપોર્ટેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મળતી માહિતી મુજબ, વર્ષો પહેલાં આ પાકિસ્તાની રાજકોટ આવ્યા હતા અને બાદમાં પરત નહતા ફર્યા. લગભગ બે દાયકા કરતાં વધુ સમયથી તેઓ ગેરકાયદે રાજકોટમાં રહેતા હતા. આ પાકિસ્તાનીઓમાંથી એક સગીર હોવાનું પણ સામે આવ્યું છે. આ સિવાય પોલીસે રાજકોટના ભગવતીપરા, મોરબી રોડ, રામનાથપરા, જંગલેશ્વર સહિતના વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. જેમાં આ ૬ બાંગ્લાદેશી નાગરિક હોવાનું સામે આવ્યું હતું. હાલ, રાજકોટમાંથી ઝડપાયેલા બાંગ્લાદેશીઓની સંખ્યા ૨૧ થઈ ગઈ છે.

રાજ્યમાં ઘૂસણખોરી અંગે રાજ્ય સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ જિલ્લા પોલીસ તેમજ ગ્રામ્ય SOG અને LCBની ટીમ દ્વારા અલગ-અલગ વિસ્તારમાં ઘૂસણખોરી અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન LCBને મળેલી બાતમીના આધારે ટીમે લોધીકા તાલુકામાં પહોંચી તપાસ હાથ ધરી હતી. જ્યાં ૪ પાકિસ્તાની નાગરિકો ગેરકાયદે રહેતા હોવાનું સામે આવતા તેમેને ઝડપી લેવાયા હતાં.

મળતી માહિતી મુજબ આ પાકિસ્તાની પરિવાર પાસેથી ભારતીય ચૂંટણી કાર્ડ સહિતના પુરાવા પણ મળી આવ્યા હતાં. જે વિશે વધુ પૂછપરછ હાથ ધરાતા તેઓએ પાકિસ્તાની હોવાનું કબૂલ્યું હતું. દોઢ દાયકા પહેલાં તેઓ પાકિસ્તાનથી રાજકોટ આવ્યા હતાં પરંતુ, બાદમાં તેઓ પાકિસ્તાન પરત નહતા ફર્યાં.

હાલ, બાંગ્લાદેશીઓ સાથે પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. જેમાં પૂછપરછ બાદ અનેક મોટા ખુલાસા થવાની આશંકા છે. તમામની યોગ્ય પૂછપરછ થયા બાદ વિદેશ નાગરિક હોવાની પુષ્ટિ થતાં જ તેમને પોતાના દેશ ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# નીટ પેપર લીક મામલામાં MBBSનાં ૨૬ છાત્રો દોષિત જાહેર થયા





**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સમગ્ર દેશમાં ખળભળાટ મચાવનાર નીટ પેપર લીક મામલામાં એમબીબીએસનાં ૨૬ છાત્રો દોષિ જાહેર થયા છે જેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૪ છાત્રોના પ્રવેશ રદ કરી દેવાયા છે.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ તબીબી ક્ષેત્રમાં અભ્યાસ માટે જરૂરી નીટ પરીક્ષામાં પેપર લીકનાં મામલાએ ખળભળાટ મચાવ્યો હતો.પેપરલીક મામલાનો માસ્ટર માઈન્ડ સંજીવ મુખીયા સીબીઆઈની કસ્ટડીમાં છે. પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે ૫ મે ૨૦૨૪ માં યોજાયેલી નીટ પરીક્ષાને પેપર લીક થયુ. ત્યારે તે ગુજરાતમાં હતો.ગુજરાતનો જે જય જલારામ સ્કુલના પરીક્ષા કેન્દ્રથી પેપર લીક થયુ ત્યારે તે ત્યાંથી દોઢ કિલોમીટર દુર હાજર હતો. નીટ પેપર લીક મામલામાં એમબીબીએસનાં ૨૬ છાત્રો દોષિત જાહેર થયા છે. તેમને તાત્કાલીક સસ્પેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૪ છાત્રોનો પ્રવેશ રદ કરાયો છે.

તેમને શૈક્ષણીક સત્ર ૨૦૨૪-૨૫ દરમ્યાન મેડીકલ કોલેજોમાં પ્રવેશ મળ્યો હતો. રાષ્ટ્રીય ચિકિત્સા આયોગ (એનએમસી)એ મેડીકલ કોલેજોને જાહેર આદેશમાં કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ)ની ભલામણોનો હવાલો આપીને કહ્યું છે-બધા દોષિત છાત્રોને સસ્પેન્ડ કરવામાં આવે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે ગત વર્ષ પ્રવેશ પરીક્ષાનાં કેટલાંક પ્રશ્ન પત્ર અને તેના ઉતર ટેલીગ્રામ પર જાહેર થયા હતા. પેપર લીકની તપાસમાં સીબીઆઈએ દોષિત એમબીબીએસના ૨૬ છાત્રોની ઓળખ કરી છે. આ ઉપરાંત ૧૪ અન્ય છાત્રો કે જેમનો પરીક્ષામાં અનુચિત વ્યવહાર હતો તેમનાં પ્રવેશ રદ કરાયા છે.

# પહેલગામ હુમલામાં પાક.ની સંડોવણીના એનઆઈએને મળ્યા પુરાવા

### પહેલગામના ૨૦ થી ૨૫ કિલોમીટરના ક્ષેત્રમાં જ આતંકીઓ છુપાયા હોવાની આશંકા



**મુખ્ય સમાચાર,શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાની તપાસ કરી રહેલી રાષ્ટ્રીય તપાસ એમસી-એમઆઈએ ભારત પાકિસ્તાનની બોર્ડર પર પણ જઈ શકે છે. તપાસ સાથે સંકળાયેલા એક સુત્રે જણાવ્યુ હતું કે બોર્ડર પર કેટલાંક એવા શંકાસ્પદ પોઈન્ટ ચિહિનત કરવામાં આવી રહ્યા છે જયાંથી આતંકીઓ દ્વારા પાકિસ્તાન તરફથી ઘુસણખોરીની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

તેમાં બોર્ડર વિસ્તારમાં આતંકીઓ દ્વારા ખોદવામાં આવેલી સંભવિત સુરંગ (ભોયરૂ) પણ સર્ચ કરવામાં આવી રહ્યું છે તેની ઓળખ થયા બાદ ફરી એનઆઈએની ટીમ બોર્ડર વિઝીટ પણ કરશે.

તપાસ માટે એમઆઈએએ પાંચ-પાંચ ઓફિસરોની ટીમ બનાવી છે જે અલગ અલગ પાસાઓની તપાસમાં લાગી છે. ખૂદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કેન્દ્રીય ગૃહ સચીવ ગોવિંદ મોહન તેમાં પળેપળની જાણકારી મેળવી રહ્યા છે. સુત્રોનુ કહેવુ છે કે ટુંક સમયમાં જ પ્રારંભિક રિપોર્ટ મંત્રાલયને સોંપવામાં આવશે.

સુત્રોનું કહેવુ છે કે, સૌથી મોટી સમસ્યા આતંકવાદીઓની શોધખોળમાં દેવદારનાં ગાઢ જંગલોથી થઈ રહી છે. જેથી ગાઢ જંગલો ઉપરથી હેલીકોપ્ટર અને ડ્રોનથી સર્ચ અભિયાન ચલાવવામાં પરેશાની થઈ રહી છે.

એજન્સીઓને પણ લાગે છે કે હુમલો કર્યા બાદ આતંકીઓએ બોર્ડર પાર તો નહીં કરી હોય તેમને જીવતા કે મરેલા પકડવાની કોશીશ તેજ થઈ રહી છે.

પહેલગામ નરસંહારમાં તપાસ એજન્સીઓને પાકિસ્તાની જાસુસી એજન્સી આઈએસઆઈ અને લશ્કરનો હાથ હોવાના પુરાવા મળ્યા છે. તપાસ એજન્સીઓને મળેલ ડીઝીટલ પુરાવા હુમલામાં લશ્કર એ જૈશ એ મોહમ્મદની સાથે પાકિસ્તાની સેનાની મીલીભગત તરફ પણ ઈશારા કરે છે.

પહલગામમાં હુમલો કરનાર આતંકીઓ અને તેમનાં ઓવર ગ્રાઉન્ડ વર્કરોની સીમા પાર બેઠેલા હેન્ડલરો સાથે સતત વાતચીત થઈ હતી. આથી સ્પષ્ટ છે કે કાવતરાનાં મુળીયા ઘણા ઉંડા છે. અધિકારીઓ જણાવી રહ્યા છે કે સુરક્ષા એજન્સીઓ હુમલાખોર આતંકીઓને જીવતા પકડવાની કોશીશ કરી રહી છે જેથી પાકિસ્તાનને આંતર રાષ્ટ્રીય સ્તરે ખુલ્લુ પાડી શકાય. મુંબઈ હુમલામાં કસાબનાં પકડાઈ જવાથી પુરા કાવતરાનો પર્દાફાશ થયો હતો.

# જામનગરમાં રૂપિયા ૪૩.૬૨ લાખની કિંમતના બીયર અને ઇંગ્લિશ દારૂના જથ્થાનો નાશ કરાયો



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન તેમજ સી. ડિવિઝન પોલીસ સ્ટેશન ઉપરાંત બેડી મરીન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલો રૂપિયા ૪૬.૬૨ લાખની કિંમતનો ઇંગ્લિશ દારૂ અને બિયરનો જથ્થો, કે જેનો ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો, અને તેના પર બુલડોઝર ફેરવી દેવાયું હતું.

જામનગરના સિવિલ એરપોર્ટની નજીક સરકારી ખરાબાની ખુલ્લી જગ્યામાં શહેર વિભાગના પ્રાંત અધિકારી પી.બી.પરમારની રાહબરી હેઠળ સમગ્ર દારૂ અને બિયરના જથ્થા નો નાશ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જેમાં નશાબંધી શાખાના અધિકારી, ઉપરાંત જામનગર શહેરના સીટી એ. ડિવિઝન અને સી. ડિવિઝન ઉપરાંત બેડી મરીન પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા, તેઓની હાજરીમાં તમામ દારૂ બિયરના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.ત્રણેય પોલીસ સ્ટેશન હેઠળ પકડી પાડવામાં આવેલા ૮૧૨૮ નંગ મોટી ઇંગ્લિશ દારૂની બાટલી, ૨,૪૭૪ નાની બોટલો અને ૨૦૯૬ નંગ બિયરના ટીન વગેરે સહિત ૧૨,૬૯૮ નંગ ઇંગ્લિશ દારૂ અને બિયરની બોટલો અને ટીન સહિતના જથ્થા પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. અને કુલ ૪૬,૬૨,૪૭૮ ની કિંમતના દારૂ બિયરના જથ્થાનો સંપૂર્ણપણે જાહેરમાં નાશ કરવામાં આવ્યો હતો.

# મોરબી મહાનગરપાલિકાની સફાઈ અભિયાનની સુંદર કામગીરી: માત્ર એક અઠવાડિયામાં ૯૦,૧૦૦ દંડ વસૂલ્યો

## પ્રતિબંધિત પ્લાસ્ટિક, ગંદકી અને જાહેરમાં થૂંકવા સહિતનાઓ સામે કાર્યવાહી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ તા. ૨૩ થી ૩૦ એપ્રિલ ૨૦૨૫ દરમિયાન શહેરમાં સ્વચ્છતા માટે કડક પગલાં લીધા હતા. કુલ ૬૬ આસામી પાસેથી રૂ. ૯૦,૧૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

મોરબી મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ શહેરમાં સ્વચ્છતા જાળવવા તેમજ હાનિકારક પ્રવૃત્તિઓને અંકુશમાં લેવા માટે તા. ૨૩/૦૪ થી ૩૦/૦૪ દરમિયાન વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમ્યાન પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા ૨૪ આસામી પાસેથી રૂ. ૫૦,૪૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, શહેરમાં ગંદકી કરતા ૩૭ આસામી પાસેથી રૂ. ૩૮,૯૦૦/- નો દંડ વસૂલાયો હતો. જાહેર સ્થળે કચરો સળગાવવાના કેસમાં ૨ આસામી પાસેથી રૂ. ૬૦૦/-, ઓપન યુરીનેશન માટે ૧ પાસેથી રૂ. ૧૦૦/- અને જાહેરમાં થૂંકવાના કેસમાં પણ ૧ પાસેથી રૂ. ૧૦૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

આ સાથે, મોરબી મહાનગરપાલિકાએ શહેરીજનોને અનુરોધ કર્યો છે કે તેઓ શહેરની સ્વચ્છતા જાળવે, ગંદકી ન ફેલાવે અને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળે. પાલિકા દ્વારા આવનારા દિવસોમાં પણ આવી સખત ચેકિંગ પ્રક્રિયા ચાલુ રહેશે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિકાસકાર્યો માટે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા શરૂ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકાની સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખાએ ૧ મે, ૨૦૨૫થી અનેક વિકાસ કામોની ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે. તેમાં મોડલ રોડ, મોડલ ફાયર સ્ટેશન, મહેન્દ્ર ડ્રાઇવ રોડનું બ્યુટીફીકેશન તથા શહેરના વિવિધ વિસ્તારોમાં સી.સી.રોડ અને ડામર રોડ રીસર્ફેસીંગના કામોનો સમાવેશ થાય છે. આ કામો માટે એજન્સીની નિમણૂંક પછી ટૂંક સમયમાં કામગીરીનો આરંભ થશે.

મોરબી મહાનગરપાલિકા શહેરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. આ અન્વયે શહેરી વિસ્તારના વિકાસ કાર્ય માટે સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખાએ ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે, જેમાં યદુનંદન પાર્ક, શ્રીકુંજ સોસાયટી, રાજનગર થી ભગવતી હોલ નાની કેનાલ રોડ સુધીના રોડને મોડલ સી.સી. રોડ બનાવવામાં આવશે. જેનું ટેન્ડર તા. ૦૧ મે ૨૦૨૫થી બહાર પાડવામાં આવ્યું છે. મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જીલ્લામાં પ્રથમ વખત મોડલ ફાયર સ્ટેશન બનાવવા માટે પણ ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી છે. તેમજ ૧૫માં નાણાપંચ ગ્રાન્ટ હેઠળ મહેન્દ્ર ડ્રાઇવ રોડને આધુનિક અને આકર્ષક બનાવવા બ્યુટીફીકેશન કાર્ય હાથ ધરાશે. આ સિવાય રોડ રીસર્ફેસીંગ કાર્ય માટે વાર્ષિક ભાવ હેઠળ શહેરના વિવિધ સી.સી. અને ડામર રોડ પર રીસર્ફેસીંગ માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઇ ગઈ છે અને ટૂંક સમયમાં કામગીરી શરૂ થશે. મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે તમામ કામગીરી એજન્સીની નિમણૂંક પછી ઝડપથી શરૂ કરવામાં આવશે જેથી મોરબી શહેર વધુ સુવિધાસભર અને સુવ્યવસ્થિત બનશે.

## મોરબી રાજપર ગામે પોલીપેક કારખાનામાં શ્રમિકનો ગળેફાંસો ખાઈ આપઘાત

**(મુખ્ય સમાચાર,મોરબી)** મોરબી તાલુકાના રાજપર ગામે આવેલ મિત્રા પોલીપેક કારખાનામાં રહેતા કરણ બંટીલાલ બારોલીયા ઉવ.૩૨ એ ગઈકાલ તા.૦૨/૦૫ના રોજ સાંજના કોઈપણ સમયે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા, તેનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે મૃતકની ડેડબોડી તેમના પત્ની મમતાબેન સિવિલ હોસ્પિટલ મોરબી ખાતે લાવતા, તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# કચ્છ-મોરબી હાઈવે ઉપર ટ્રેઈલરની ઠોકરે બાઈક ચાલક વૃદ્ધનું મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી)ના નવા હજીયાસરથી મોટર સાયકલ ઉપર કરિયાણાની દુકાનનો માલ સમાન લેવા મોટર સાયકલ ઉપર નીકળેલ ૬૦ વર્ષીય વૃદ્ધના મોટર સાયકલને પાછળથી ટ્રક ટ્રેઈલરે હડફેટે લેતા, મોટર સાય ચાલક નીચે રોડ ઉપર પટકાયા હતા અને ત્યારે ટ્રેઈલરનું પાછળનું વ્હીલ મોટર સાયકલ ચાલક વૃદ્ધને માથા ઉપર ફરી વળતા, તેમનું સ્થળ ઉપર કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

મળતી માહિતી અનુસાર, માળીયા(મી) તાલુકાના નવા હજીયાસર ગામે રહેતા અનવરભાઈ સીદીકભાઈ જેડાએ માળીયા(મી) પોલીસ મથકમાં ટ્રક ટ્રેઈલર રજી.નં. જીજે-૧૨-બીઝેડ-૮૬૩૯ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગઈ તા.૦૧/૦૫ના રોજ અનવરભાઈના પિતાજી સીદીકભાઈ ગગાભાઈ જેડા પોતાની કરિયાણાની દુકાન માટે માલ સમાનની ખારી કરવા મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-એએચ-૩૭૭૨ લઈને જતા હોય તે દરમિયાન મોરબી કચ્છ હાઈવે ઉપર આરામ હોટલ સામે રોડ ઉપર પાછળથી પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવીને આવતા ટ્રેઈલરના ચાલકે સીદીકભાઈના મોટરસાયકલનો પાછળથી ટક્કર મારતા, મોટર સાયકલ આગળના વ્હીલમાં આવી ગયું, જ્યારે સીદીકભાઈ ટ્રેઈલરના પાછળના વ્હીલમાં આવી જતા, તોતિંગ વ્હીલ સીદીકભાઈના માથા ઉપર ફરી વળ્યું હતું. હાલ માળીયા(મી) પોલીસે અકસ્માતના બનાવમાં મૃતકના પુત્રની ફરિયાદને આધારે આરોપી ટ્રેઈલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના પીપળી નજીક સીએનજી રીક્ષામાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા બે પકડાયા, રાજકોટના સપ્લાયરનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના જેતપર રોડ ઉપર પીપળી ગામના બસસ્ટેન્ડની સામેથી તાલુકા પોલીસે સીએનજી રીક્ષામાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા બે ઇસમોને પકડી લેવાયા છે, આ સાથે પોલીસે રીક્ષામાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૭ બોટલ ઝડપી લીધી હતી. જ્યારે પકડાયેલ બન્ને આરોપીની સઘન પૂછતાછમાં રાજકોટના બુટલેગર પાસેથી વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે લઈ આવ્યાનું જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી તાલુકા પોલીસને ખાનગીતલરહે મળેલ બાતમી મુજબ સીએનજી રીક્ષા નં. જીજે-૩૬-ડબલ્યુ-૦૯૯૭માં વિદેશી દારૂની હેરાફેરી થવાની હોય, જેથી તાલુકા પોલીસ જેતપર રોડ ઉપર પીપળી બસ સ્ટેન્ડ નજીક વોચમાં હોય તે દરમિયાન ઉપરોક્ત રીક્ષા ત્યાંથી પસાર થતા, તેને રોકી તલાસી લેવામાં આવી હતી, જેમાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૭ બોટલ કિ.રૂ.૮૪૪૧/- મળી આવી હતી, આ સાથે પોલીસે આરોપી રાહુલભાઈ મહેશભાઈ ચાવડા ઉવ ૨૦ રહે.નવી ટીંબડી તથા આરોપી અરમાનભાઈ ઈકબાલ જુણેજા ઉવ.૨૧ રહે. રણછોડનગર મોરબી વાળાની અટક કરી હતી, આ વિદેશી દારૂનો જથ્થો રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં રહેતા બુટલેગર નઝીરભાઈ રહીમભાઈ સંધી પાસેથી લઈ આવ્યાની પકડાયેલ આરોપીઓએ કબુલાત આપતા, પોલીસે રીક્ષા તથા વિદેશી દારૂ મળી કુલ કિ.રૂ.૧,૦૮,૪૪૧/-નો મુદ્દામાલ કબ્જે કરી, ત્રણેય આરોપીઓ વિરુદ્ધ તાલુક પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર-ચોટીલા હાઈવે રોડની સાઈડમાં ઉભેલ બે મિત્રોને મોટરકારે હડફેટે લેતા એકનું મોત, એક ઘાયલ

**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેર-ચોટીલા નેશનલ હાઈવે રોડ ઉપર વતન હોટલે જમીને બે રાજસ્થાની મિત્રો રોડ સાઈડમાં ઉભા હોય તે દરમિયાન પુરપાટ ઝડપે આવતી ફોર વ્હીલ કારે બંને મિત્રોને ઠોકરે ચડાવ્યા હતા, જે અકસ્માતની ઘટનામાં એક મિત્રને માથામાં તથા હાથમાં ફ્રેકચર જેવી ઇજા પહોંચી હતી, જ્યારે સાથેના મિત્રને શરીરે ગંભીર ઇજા પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ મામલે વાંકાનેર તાલુકા પોલીસે ફોરવ્હીલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદમાં રાજસ્થાનના બાડમેર જીલ્લાના ગોલીયાર ગામે રહેતા નુરાખાન સફુરખાન કુંભાર ઉવ.૨૫ અને તેનો મિત્ર સિકંદરખાન અબ્બાસખાન બંન્ને ગઈ તા.૦૧/૦૫ ના રોજ રાત્રીના સાડા અગિયાર વાગ્યાની આસપાસ વાંકાનેર-ચોટીલા નેશનલ હાઈવે ઉપર આવેલ વતન હોટલે જમીને રોડ પર ઉભા હતા ત્યારે વાંકાનેર બાઉન્ટ્રી તરફથી એક કાર (ફોરવ્હીલ) રજી.નં.જીહે-૩૬-એલ-૯૨૨૯ વાળીના ચાલકે પોતાની કાર પુરઝડપે બેફીકરાયથી ચલાવી આવી નુરાખાન સફુરખાન કુંભાર અને તેની સાથેના સિકંદરખાન સાથે ભટકાડતા નુરાખાનને માથાના ભાગે તથા જમણા હાથે ઈજા પહોચી હતી તથા સિકંદરખાનને ડાબા પગે સાથળના ભાગે તથા કાંડાના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઇજા પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું, હાલ વાંકાનેર તાલુકા પોલીસે આરોપી ફોરવ્હીલના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ન્યૂઝ ફ્લેશ

## મોરબીના શકત શનાળા ગામે ઈંગ્લીશ દારૂની ૩ બોટલ સાથે એક પકડાયો

મોરબી શકત શનાળા ગામે નિતીનનગર સોસાયટી પાછળ આવેલ ધર્મલાભ સોસાયટીમાંથી આરોપી મિતરાજસિંહ જગદીશસિંહ જાડેજા ઉવ.૧૯ રહે.શકત શનાળા પ્લોટ વિસ્તારવાળાને એ ડિવિઝન પોલીસ ટીમે ઈંગ્લીશ દારૂ રોયલ ચેલેન્જની ૩ નંગ બોટલ કિ.રૂ.૨,૦૮૮/- સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના બેઠાપુલ પાસે પાર્ક કરેલ બાઇકની ઉઠાંતરી

મોરબીના બેઠાપુલ નજીક ભરતી રવિવારી માર્કેટમાં પોતાના મિત્રના સ્ટોલે ગયેલ યુવકના બાઇકની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે, ત્યારે પ્રથમ ઈ-એફઆઈઆર બાદ રૂબરૂ બી ડિવિઝન પોલીસ મથકમાં બાઇક ચોરી અંગે ફરિયાદ નોંધાવતા, પોલીસે આરીપી અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મોરબી-૨ કમલા પાર્ક ઋષિકેશ સ્કૂલ સામે હાઉસીંગમાં રહેતા વનરાજભાઈ નનુભાઈ વાઢેર ઉવ.૨૬ ગઈ તા.૧૩/૦૪ ના રોજ પોતાનું મોટર સાયકલ હીરો સ્પ્લેન્ડર રજી.નં. જીજે૦૧-જેડબલ્યુ-૬૪૧૩ લઈને બેઠાપુલ પાસે ભરતી રવિવારી માર્કેટમાં પોતાના મિત્ર રાજેશભાઇના સ્ટોલે ગયા હતા, ત્યારે વનરાજભાઈએ પોતાનું બાઇક બેઠાપુલ સ્વામિનારાયણ મંદિર જવાના રસ્તે પાર્ક કર્યું હતું, જે બાદ તેઓ પરત પોતાબ ઘરે જવા માટે પાર્ક કરેલ બાઇક પાસે ગયા ત્યા ઉપરોક્ત બાઇક કોઈ અજાણ્યો વાહન ચોર ચોરી કરીને લઈ ગયો હોય, જેથી બાઇક ચોરી માટે પ્રથમ ઈ-એફઆઈઆર બાદ પોલીસ મથકે રૂબરૂ ફરિયાદ નોંધાવી હતી, હાલ પોલીસે આરોપી અજાણ્યા ઈસમ સામે ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

## મોરબીની મોટી વાવડી ગામે વાડીની ઓરડીમાંથી વિદેશી દારૂની ૧૧૪ બોટલ ઝડપાયી, આરોપી ફરાર

મોરબી તાલુકાના મોટી વાવડી ગામની સીમમાં સજુભા જાડેજાની વાડીની ઓરડીમાં રાજકોટના બુટલેગરે ઈંગ્લીશ દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની પૂર્વ બતમીબે આધારે તાલુકા પોલીસે રેઇડ કરી ઓરડીમાંથી ૧૧૪ બોટલ વિદેશી દારૂ ઝડપી લેવામાં આવ્યો છે, આથી પોલીસે રાજકોટના બુટલેગર તથા તપાસજ ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળની જરીવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી તાલુકા પોલીસ ટીમને બાતમી મળી કે મોટી વાવડી ગામની સીમમાં આવેલ સજુભા જાડેજાની વાડીમાં ભાગીયા તરીકે રહેલ રાજકોટનો નઝીરભાઈ રહીમભાઈ સંધી ઉપરોક્ત વાડીની ઓરડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરતો હોય, જેથી તુરંત તાલુકા પોલીસે રેઇડ કરતા, ઉપરોક્ત વાડીની ઓરડીમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૧૧૪ નંગ બોટલ કિ.રૂ. ૫૮,૬૮૦/-મળી આવી હતી, જ્યારે દરોડા દરમિયાન આરોપી નઝીરભાઈ રહીમભાઈ સંધી રહે.રાજકોટ વાળો હાજર મળી નહિ આવતા, તેને ફરાર દર્શાવી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

## મોરબી આલાપ રોડ વિજયનગર-૨માં ૬૮ વર્ષીય વૃદ્ધનું હાર્ટ એટેકથી નિધન

મોરબીના વિજયનગર-૨ સોસાયટીમાં રહેતા ૬૮ વર્ષીય વૃદ્ધ કેશવજીભાઈ પરશોતમભાઈ પાડલિયાનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે. તેઓને સારવાર અર્થે ખાનગી અને બાદમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મોરબી શહેરના આલાપ રોડ ઉપર આવેલી વિજયનગર-૨ સોસાયટીમાં રહેતા કેશવજીભાઈ પરશોતમભાઈ પાડલિયા ઉવ.૬૮ને તા. ૦૧ મેના રોજ સવારે અચાનક છાતીમાં અસહ્ય દુખાવો થતાં તેમના પરિવારજનો દ્વારા તત્કાલ મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ કરતાં હાર્ટ એટેકને કારણે તેમનું મૃત્યુ થયાનું જાહેર કર્યું હતું. મૃતકના પુત્ર હિરેનભાઈ પાડલિયા પાસેથી પોલીસે પ્રાથમિક વિગતો મેળવી આ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના ભરતનગર ગામ નજીક પેટ્રોલ પંપ પાસે સુતેલ શ્રમિકનું અકળ કારણોસર મૃત્યુ

મોરબી તાલુકાના ભરતનગર ગામ પાસે મોરબી-માળીયા હાઈવે પર આવેલા નિલકંઠ પેટ્રોલપંપ સામેના વાહન પાર્કિંગમાં સુતેલ પરપ્રાંતિય એક પુરૂષનું કોઈ કારણોસર મૃત્યુ નીપજ્યું હતું. મોરબી તાલુકાના ભરતનગર નજીક નીલકંઠ પેટ્રોલપંપ સામેના પાર્કિંગમાં તા. ૨ મે, ૨૦૨૫ના રોજ બપોરે લગભગ ૧ વાગ્યાના પૂર્વે, રામખેલાડી રામપાલ મીણા, ઉવ.૫૦ રહેવાસી નરહટ ગામ થાના પ્રતાપગઢ, જી. અલવર (રાજસ્થાન)નામનો વ્યક્તિ સુતો હોય બાદ ઉઠેલ ન હોય અને કોઇપણ કારણસર મરણ ગયો હોવાનું સામે આવતા, પોલીસને જાણ કરવામાં આવી હતી, ત્યારે પોલીસે મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવા સહિતની કામગીરી હાથ ધરી હતી. તે દરમિયાન મૃતકના નાનાભાઈ રામકિશોર રામપાલ મીણા મૂળ રાજસ્થાન હાલ રહે-મોરબી-૨ જનકપુરી સોસાયટી સામાકાઠે વાળાએ આપેલ વિગતોને આધારે અ. મોત રજીસ્ટર કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજ મેનહોલ સર્વે પૂર્ણ ૧૧૦માંથી ૮૪ મેનહોલ રીપેર કરવામાં આવ્યા

## મોરબી મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજ મેનહોલ સર્વે પૂર્ણ ૧૧૦માંથી ૮૪ મેનહોલ રીપેર કરવામાં આવ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ડ્રેનેજ શાખાએ શહેરભરના ૪૧૪૪ મેનહોલનું સર્વે હાથ ધરી ૧૧૦ મેનહોલ રીપેર કરવા પાત્ર ગણાવ્યા હતા. જેમાંથી અત્યાર સુધી ૮૪ મેનહોલની મરામત પૂર્ણ થઇ છે અને બાકી રહેલાં મેનહોલ પર કાર્ય ચાલુ છે.

મોરબી શહેરમાં નાગરિકોની સુરક્ષા અને આરોગ્યના હિતમાં ડ્રેનેજ શાખા દ્વારા મેનહોલ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. દરમિયાન કુલ ૪૧૪૪ મેનહોલના સર્વે દરમિયાન ૧૧૦ મેનહોલ રીપેર કરવાની જરૂરિયાત જણાઈ હતી. મહાનગરપાલિકા દ્વારા તેમાંના ૮૪ મેનહોલની મરામત પૂર્ણ કરવામાં આવી છે, જયારે બાકી રહેલા મેનહોલ પર કામગીરી ચાલુ છે અને ટૂંક સમયમાં તે પણ પૂર્ણ કરવામાં આવશે. વધુમાં, મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે જો શહેરના કોઇ પણ વિસ્તારમાં તુટેલા કે ખરાબ મેનહોલ કવર જોવા મળે તો મહાનગરપાલિકા કચેરીએ અથવા કચેરી ટેલીફોન ૦૨૮૨૨-૨૨૦૫૫૧ ઉપર જાણ કરવા વિનંતી કરવામાં આવી છે.

## મોરબી કિશનભાઈ કરોતરાની હત્યાના દુખદ બનાવને પગલે વડવાળા યુવા સંગઠનનો વિદ્યાર્થી સન્માન સમારોહ મોકૂફ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તા.૩ મે, ૨૦૨૫ના રોજ ખાખરાળા ગામે યોજાનાર શ્રી વડવાળા યુવા સંગઠનનો વિદ્યાર્થી સન્માન સમારોહ, કિશનભાઈ જગદિશભાઈ કરોતરાની હત્યાના દુખદ બનાવને કારણે હાલના માટે મોકૂફ રાખવામાં આવ્યો છે. મોરબી શ્રી વડવાળા યુવા સંગઠન દ્વારા આયોજિત કાર્યક્રમ મુજબ તા. ૦૩/૦૫/૨૦૨૫ના રોજ ખાખરાળા ગામે વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. ત્યારે રબારી સમાજના યુવાન કિશનભાઈ જગદિશભાઈ કરોતરા(ખાખરાળાવાળા)ની થયેલી નિર્મમ હત્યાના પગલે સમગ્ર રબારી સમાજમાં શોકની લાગણી વ્યાપી છે. જેથી શ્રી વડવાળા યુવા સંગઠન મોરબી દ્વારા સંવેદના દર્શાવતાં અને સમાજની લાગણીઓને માન આપતાં, આ કાર્યક્રમ હાલ માટે મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની રબારી સમાજે નોંધ લેવા યાદીમાં જણાવાયું છે.

# પેરોલ ઝંપ પરથી ૨ વર્ષથી ફરાર દુષ્કર્મ-મર્ડર કેસના આરોપીને બિહારથી ઝડપી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરાયો

## મોરબી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડે સ્પેશિયલ ડ્રાઇવ અંતર્ગત આરોપીને ઝડપી લીધો



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડની ટીમે પેરોલ રજા પરથી બે વર્ષથી ફરાર દુષ્કર્મ અને હત્યાના ગુનામાં દોષિત સુરજકુમાર ચૌહાણ બિહારવાળાને, બિહારના નવાદા જીલ્લામાંથી ઝડપી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

રાજ્ય પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ પેરોલ-ફર્લો અને જેલ ફરાર આરોપીઓને પકડવા માટે રાજ્યવ્યાપી સ્પેશિયલ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત મોરબી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા તાલુકા પોલીસ સ્ટેશનના પોકસો, હત્યા અને દુષ્કર્મ જેવા ગંભીર ગુન્હા હેઠળ પકડાયેલા અને આજીવન સજા પામેલા આરોપી સુરજકુમાર ગોરેલાલ ચૌહાણ બિહાર વાળો જેને ઉચ્ચ ન્યાયાલય દ્વારા તા. ૧/૬/૨૦૨૩થી ૨૧ દિવસની પેરોલ રજા મળી હતી, તે તા. ૨૩/૬/૨૦૨૩ના રોજ જેલમાં હાજર ન રહી ફરાર થઈ ગયો હતો. આ આરોપીની શોધખોળ દરમિયાન પેરોલ ફર્લો સ્કવોડના જયેશભાઈ વાઘેલા તથા વિક્રમભાઈ રાઠોડને ખાનગી બાતમી મળતાં, બિહાર રાજ્યના નવાદા જીલ્લાના બાઘી બરડીહા ગામેથી તા. ૩૦/૪/૨૦૨૫ના રોજ આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ કાયદેસર કાર્યવાહી બાદ આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# ટંકારાના મેઘપર ગામના પાટીયા પાસે વેન્યુ કારમાંથી ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા એકની અટક

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા તાલુકાના મેઘપર ઝાલા ગામના પાટીયા પાસે પોલીસે વેન્યુ કારમાં વિદેશી દારૂ વ્હિસ્કી-વોડકાની હેરાફેરી કરતા એક વેપારી યુવકની ધરપકડ કરી છે, આ સાથે ટંકારા પોલીસે વિવિધ બ્રાન્ડની દારૂની ૨૦ બોટલ તથા કાર તેમજ એક મોબાઇલ મળી કુલ રૂ.૪.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી, પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તજવીજ શરૂ કરી છે. મળતી વિગતો અનુસાર, ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળી કે, વેન્યુ કાર રજી.નં. જીજે-૩૬-એસી-૯૫૩૭ માં વિદેશી દારૂ ભરીને મેઘપર ઝાલા ગામ તરફ જવાની હોય, જેથી ટંકારા પોલીસ ટીમ મેઘપર ઝાલાના પાટીયા પાસે રોડ ઉપર વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન ઉપરોક્ત વેન્યુ કાર ત્યાંથી પસાર થતા તેને રોકી તેની તલાસી લેવામાં આવી હતી, ત્યારે કારમાંથી વિદેશી દારૂ વહીસ્કી વોડકાની અલગ અલ બ્રાન્ડની ૨૦ બોટલ મળી આવી હતી, જેથી કાર ચાલક આરોપી સાગરભાઇ સવજીભાઇ માલકીયા ઉવ.૨૬ ની સ્થળ ઉપરથી અટકાયત કરી, પોલીસે કાર, વિદેશી દારૂ તથા એક મોબાઇલ સહિત કુલ કિ.રૂ.૪,૧૭,૧૧૧/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## મોરબી મહાનગરપાલિકા દ્વારા જોખમી નાળા અને વોકળાનું સર્વેઃ ૫ જગ્યાએ સુરક્ષા કામગીરી પૂર્ણ

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના જોખમી નાલા અને વોકળાનું સર્વે હાથ ધરાયું હતું. જેમાં કુલ ૧૧ નાલા/વોકળામાંથી ૫ ઉપર જરૂરી સુરક્ષા ફેન્સિંગ લગાવવાનું કામ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે બાકી રહેલા સ્થાનોએ કામગીરી ચાલુ છે. મોરબી મહાનગરપાલિકાની ડ્રેનેજ શાખા દ્વારા શહેરીજનોની સલામતીને ધ્યાને રાખીને શહેરની વિવિધ જગ્યાએ આવેલા જોખમી નાલા અને વોકળાનું તાજેતરમાં સર્વે હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્વેમાં કુલ ૧૧ નાલા-વોકળા એવી હાલતમાં જોવા મળ્યા કે જ્યાં જોખમ ઉભું થતું હતું. જેથી તાત્કાલિક પગ પાંચ નાલા/વોકળાના જોખમી ભાગ દૂર કરીને ત્યાં જરૂરી ફેન્સિંગની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. તેમજ બાકી રહેલા નાલા/વોકળા પર કામગીરી હાલ ચાલુ છે અને તે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.

# મોરબી મહાનગરપાલિકા દ્વારા "મોરબીની અસ્મિતા" કાર્યક્રમમાં ૬૮ સ્પર્ધકોએ ઉત્સાહસભર ભાગ લીધો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સ્થાપના દિવસે યુવાનોમાં સાંસ્કૃતિક ગૌરવ અને રુચિ જગાડવા મોરબીની અસ્મિતા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ કલાત્મક સ્પર્ધાઓમાં ૬૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કલેકટર, કમિશ્નર અને ધારાસભ્યો હાજર રહ્યા હતા.

મોરબીમાં તા.૦૧/૦૫ના રોજ ગુજરાત સ્થાપના દિવસે યુવાનોમાં ગુજરાતની સંસ્કૃતિ પ્રત્યે રસ અને ગૌરવ જાગૃત કરવાના ઉદેશ્યથી મોરબી મહાનગરપાલિકા દ્વારા એક વિશેષ કાર્યક્રમ મોરબીની અસ્મિતા''નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ રાસ ગરબા, એક પાત્રીય અભિનય, સોલો ડાન્સ, ગાયન તેમજ વાદન જેવી વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૬૮ સ્પર્ધકો દ્વારા ભાગ લેવામાં આવેલ તથા બહોળી સંખ્યામાં નગરજનોની ઉપસ્થિતિએ આ કાર્યક્રમની શોભા અનેકગણી વધારી દીધી હતી.

આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે જીલ્લા કલેકટર કિરણ ઝવેરી, મહાનગરપાલિકા કમિશ્નર સ્વપિનલ ખરે તથા મુખ્ય અતિથિમાં ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા ઉપસ્થિત રહેલ. ત્યારે કાર્યક્રમના અંતમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા દરેક પ્રવૃત્તિમાં પ્રથમ સ્થાન મેળવનાર વિજેતાને રૂ. ૨૦૦૦/-, દ્વિતીય સ્થાન




મેળવનાર વિજેતાને રૂ. ૧૦૦૦/- તેમજ તૃતીય સ્થાન મેળવનાર વિજેતાને રૂ. ૫૦૦/- આપવામાં આવેલ. આ ઉપરાંત દરેક પ્રતિસ્પર્ધીને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

વધુમાં, મોરબી મહાનગરપાલિકા દ્વારા આવા પ્રજાલક્ષી સાંસ્કૃતિક તેમજ વિવિધ અન્ય કાર્યક્રમોનું વાર્ષિક કેલેન્ડર બનાવવ-ામાં આવેલ છે. જેથી ભવિષ્યમાં પણ આવા વિવિધ કાર્યક્રમો દ્વારા મોરબી નગરજનોને લાભાન્વિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આથી તમામ નગરજનોને મોરબી મહાનગરપાલિકા દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમોમાં બહોળી સંખ્યામાં ભાગ લે તેવું આહ્વાન મોરબી મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે.

# ૩ મે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસઃ સ્વતંત્ર પ્રેસ સામે એ.આઈ.નો નવો પડકાર



**મુખ્ય સમાચાર,રાજકોટ**
**આલેખન સંદીપ કાનાણી**

લોકશાહી દેશમાં સ્વતંત્ર પ્રેસ-મીડિયાની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે. પ્રેસ એ માહિતીના આદાન પ્રદાનની સાથે લોકોના પ્રશ્નોને વાચા આપે છે, તેમજ લોકમતનું ઘડતર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. પત્રકારો અનેક પડકારોનો સામનો કરીને માહિતીને સમાચાર સ્વરૂપે વિવિધ માધ્યમો થકી લોકો સુધી પહોંચાડે છે. પ્રેસની આ ભૂમિકાને ધ્યાનમાં રાખતા દુનિયામાં ૩ મેના રોજ ''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'' મનાવવામાં આવે છે, જેની આ વર્ષની થીમ છે ''નવી દુનિયા પ્રેસ સ્વાતંત્ર્ય અને મીડિયા પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો પ્રભાવ.''

પત્રકારત્વ ક્ષેત્ર-મીડિયા ઈન્ડસ્ટ્રીમાં મોટાપાયે પરિવર્તન લાવી રહ્યું છે. ઈન્વેસ્ટિગેટિવ રિપોર્ટિંગ, કન્ટેન્ટ જનરેશન અને ફેક્ટ ચેકીંગ માટે નો ઉપયોગ વધી રહ્યો છે. થી કાર્યક્ષમતામાં વૃદ્ધિ થઈ રહી છે, બહુભાષી સુલભતા અને ડેટા વિશ્લેષણ સરળ બન્યા છે. જો કે, આ પ્રગતિથી અનેક જોખમો ઊભા થયા છે. કોઈ મલિન ઈરાદા કે સ્વાર્થી હિતો પાર પાડવા આજે AI-જનરેટેડ ખોટી માહિતી, ડીપફેક ટેકનોલોજી, પક્ષપાતભર્યા અભિપ્રાયો-તારણોથી લોકો ગેરમાર્ગે દોરાઈ તેવી શક્યતા છે. વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસે આ વર્ષે એ બાબત પર ભાર મુકવામાં આવશે કે, પ્રેસ સ્વતંત્રતા અને લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવે, નબળું નહીં.

**કેવી રીતે થઈ આ દિવસની શરૂઆત?**

વર્ષ ૧૯૯૧માં આફ્રિકાના પત્રકારો દ્વારા પ્રેસની સ્વતંત્રતા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ૩ મેના રોજ 'ડિક્લેરેશન ઓફ વિન્ડહોક' બહાર પાડવામાં આવ્યું હતું. જેને સ્વતંત્ર પ્રેસના મૂળભૂત સિદ્ધાંતોનું નિવેદન ગણવામાં આવે છે.

આ ઘોષણાની બીજી વર્ષગાંઠ નિમિત્તે, વર્ષ ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાએ ૩ મે ''વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'' તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. ત્યારથી, આ દિવસ પ્રેસની સ્વતંત્રતાના મહત્વ વિશે જાગૃતિ લાવવા અને સરકારોને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનું સન્માન કરવાની તેમની ફરજ યાદ અપાવવા માટે વિશ્વભરમાં મનાવવામાં આવે છે.

''પ્રેસ સ્વતંત્રતા દિવસ'' સમગ્ર વિશ્વમાં પ્રેસની સ્વતંત્રતાની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો, માધ્યમોને તેમની સ્વતંત્રતા પરના હુમલાઓથી બચાવવાનો અને ફરજ બજાવતી વખતે પોતાના પ્રાણ ગુમાવનારા પત્રકારોને શ્રદ્ધાંજલિ આપવાનો પણ દિવસ છે.

વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસના અવસરે, ૨૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ, યુ.એન. સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે જારી કરેલા સંદેશમાં જણાવ્યું હતું કે, પ્રેસ સ્વતંત્રતા લોકોની સ્વતંત્રતા માટે મહત્વપૂર્ણ છે અને તે જવાબદારી, ન્યાય, સમાનતા અને માનવ અધિકારોને આધાર આપતું આવશ્યક જાહેર હિત છે. તેમણે વૈશ્વિક સ્તરે પત્રકારો સામે વધી રહેલા જોખમો જેવા કે હુમલા, અટકાયત અને હિંસાનો ઉલ્લેખ કર્યો હતો. ખાસ કરીને ગાઝા જેવા યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં પત્રકારોના મૃત્યુ અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. આ વર્ષની થીમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ઊભા થયેલા જોખમ તરફ ઈશારો કરે છે. એ.આઈ. પક્ષપાતી અલ્ગોરિધમ્સ, જૂઠાણા અને દ્વેષપૂર્ણ ભાષણ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતાને ટેકો આપી શકે છે અથવા તો તેને દબાવી પણ શકે છે.

ગુટેરેસે સંદેશમાં ભાર મૂક્યો છે કે, આ જોખમોનો સામનો કરવા માટે સચોટ, હકીકત-આધારિત માહિતી મહત્વની છે. તેમણે ગ્લોબલ ડિજિટલ કોમ્પેક્ટ અને ''માહિતી ઐક્ય માટે વૈશ્વિક સિદ્ધાંતો''ને જરૂરી ગણાવ્યા છે. આ સાથે વધુ માનવીય અને અધિકારોનું સન્માન કરતી માહિતી ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાના પગલાં તરીકે વિશ્વભરમાં પ્રેસ સ્વતંત્રતાનું રક્ષણ કરવા પર ભાર મૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં બંધારણની કલમ ૧૯(૧)(અ) હેઠળ દરેક નાગરિકને વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય મળેલું છે. જેમાં પ્રેસની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે. આ કલમ હેઠળ દરેક નાગરિક પોતાની માન્યતા મુજબનો મત રજુ કરવાનો અધિકાર ધરાવે છે. તેને પોતાના અથવા અન્યનાં મતનો પ્રચાર કરવો, અખબારોનો ફેલાવો કરવો, ધંધાકીય જાહેરાતો આપવી, ટેલીકાસ્ટ કરવું, માહિતી અધિકાર, છાપવું વગેરેનો અધિકાર છે. જો કે અદાલતનો તિરસ્કાર, દેશની અખંડિતતાને હાનિ થાય, વિદેશ સાથે દેશના મૈત્રી સંબંધો ઉપર અસર થાય, રાષ્ટ્રની સલામતી જોખમાય, ગુનાની ઉશ્કેરણી થાય, જાહેર વ્યવસ્થા કે સલામતી બગડે તેવી બાબતો ઉપર વ્યાજબી નિયંત્રણ મુકવાની સત્તા રાજ્યને આપવામાં આવી છે.

# ઘરઘાટી, નોકર, રસોઈયા, વોચમેન, માળીની વિગતો જાહેર કરવા પોલીસ કમિશ્નરની સુચના

## સીટીઝન પોર્ટલ/ સિટીઝન ફર્સ્ટ એપ્લિકેશન મારફત ઓનલાઈન નોંધણી કરાવી શકાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં ભુતકાળમાં બનેલ લુટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હામાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમજ શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરતા હોય છે. કોઈ ઔદ્યોગિક એકમો/ મકાનો/ બંગલા/ દુકાનો/ કારખાનાઓ /મકાન બાંધકામ બિલ્ડર્સ/ ટેક્ષટાઈલ ઉદ્યોગ/ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરોના માલિક /ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડરો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો કે જે હાલમાં કામ પર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો નોકરોની માહિતી/ હકીકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઈડ એપ્લીકેશન મારફતે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. તેમજ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશનને આ માહિતી આપવાની રહેશે.

આ ઉપરાંત રજુ કરવાની માહિતી સાથે મકાન માલીકનો તથા નોકરી પર રાખેલ નોકર/વોચમેનના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ, સાથે મકાન માલીકનું નામ તથા સરનામું, ટેલિફોન નંબર તથા મોબાઇલ નંબર, કામે રાખેલ નોકરનું પુરુ નામ તથા ઓળખ ચિન્હો, હાલનું પુરુ સરનામું તથા મોબાઇલ નંબર, કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું તથા મોબાઇલ નંબર, નોકરને નોકરી પર રાખ્યા તારીખ, જેની ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરુ નામ, સરનામું તથા મોબાઇલ નંબર, નોકરના બે થી ત્રણ સગાસબંધીના નામ તથા સરનામા અને મોબાઇલ નંબર તથા વોચમેન હથીયાર ધરાવતાં હોય તો તેના હથીયાર લાયસન્સની વિગત તથા માન્ય એરીયા તથા રીન્યુ તારીખની વિગતો પણ આપવાની રહેશે. આ જાહેરનામાનો અમલ તા. ૩૦/૦૬/૨૦૨૫ સુધી રહેશે તેમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ જાહેરનામા દ્વારા જણાવવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# બંધ સીટી બસોની સેવા તત્કાલ શરૂ કરવા મામલે કોંગ્રેસે કર્યો હલ્લાબોલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**


તસવીર : આનંદ જાવીયા

રાજકોટ શહેરમાં ઇન્દિરા સર્કલ પાસે સીટી બસની દુર્ઘટના બાદ સીટી બસ નું તંત્ર વામણું અને માયકાગલુ થઈ ગયું છે. ડ્રાઇવરોની હડતાલ અને ગરમીને કારણે બંધ કરાયેલી સીટી બસોને કારણે શહેરીજનોને હાલાકી ભોગવવી પડે છે. બંધ સીટી બસોની સેવા તત્કાલ શરૂ કરી એજન્સીને દંડ ફટકારવા કોંગ્રેસે મ્યુ. કમિશનરને રજૂઆત કરી હતી.

આજે કોંગ્રેસ દ્વારા કમિશનરને અપાયેલા આવેદનમાં જણાવ્યું હતું કે, શહેરમાં ૨૨૪ સીટી બસ તેમાં સીએનજી શો અને ઈલેક્ટ્રીક ૧૨૪ બસો નિયમિત દોડતી હતી અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૭ કરોડ વર્ષ ૨૦૦૨૩-૨૪ માં રૂપિયા ૨૦ કરોડ અને વર્ષ ૨૦૨૪-૨૫ માં ૨૮.૩૮ કરોડની ખોટ દર્શાવે છે. દિલ્હીની કંપની PMIની બસો છે. અને કોન્ટ્રાક્ટ પણ તે કંપની ધરાવે છે. પરંતુ પેટા કોન્ટ્રાક્ટમાં ભાજપના મળતીયાઓ અને શહેરમાં વિશ્વમ કંપની અને BRTS પર નારાયણ કંપનીનો કોન્ટ્રાક્ટ હોવાનું જાણવા મળેલ છે અગાઉ બ્લુ રંગની ડીઝલ બસો બંધ કરીને સવા કરોડની એક એવી ૨૩૪ બસનું સંચાલન કરવામાં આવી રહ્યું છે જેમાં ઈલેક્ટ્રીક CNG અને BRTS બસ સમાવિષ્ટ થાય છે જોકે ગરમીને કારણે એક બાદ એક ૧૨૬ સીટી બસો બંધ છે. કંગાળ સેવા બદલ એજન્સીને બ્લેકલિસ્ટ શા માટે નથી કરાતી ? જુલાઈ ૨૦૨૨ માં વિશ્વમ સીટી બસ સાથે કોન્ટ્રાક્ટ બાદ અનેક નોટિસો છતાં કડક પગલાં નહીં એજન્સીને આપેલ નોટિસો અને કરવામાં આવેલી પેનલ્ટી ની માહિતી આપશો.

# ૨૨ મે ના રોજ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

## જિલ્લા કક્ષાની ફરિયાદો તા.૧૦ મે સુધીમાં મોકલી શકાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજય સરકાર દ્વારા જિલ્લા કક્ષાનાં પ્રશ્નોના જિલ્લામાં જ નિરાકરણ મળી રહે તે માટે ''ફરિયાદ નિવારણ દિવસ'' નું આયોજન કરવામા આવે છે. જે અંતર્ગત આગામી સ્વાગત કાર્યક્રમ તા.૨૨-૦૫-૨૦૨૫નાં રોજ યોજાનાર છે. આ કાર્યક્રમ માટેનાં જિલ્લા કક્ષાના પ્રશ્નો ફરિયાદો તા.૧૦-૦૫-૨૦૨૫ સુધીમાં સંબંધિત ખાતા-વિભાગોની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને પહોંચતા કરવા સંબંધિત લોકોને જણાવવામાં આવે છે.

જિલ્લા સ્વાગત માટેની અરજીમાં મથાળે ''જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' લખવાનું રહેશે. લાંબા સમયથી આખરી નિકાલ આવતો ન હોય તેવા પડતર પ્રશ્નો જ મોકલવા તથા અગાઉ સંબંધિત ખાતામાં કરેલ રજુઆતનો આધાર રજુ કરવો, તેમના તરફથી આપવામાં આવેલ જવાબ / પ્રત્યુતરની ઝેરોક્ષ નકલ અરજી સાથે રાખવાની રહેશે. અગાઉ રજુ કરેલ પ્રશ્ન બીજી વખત રજુ કરવામાં આવે તો પ્રશ્ન ક્રમાંક, માસનું નામ લખવું.પ્રશ્ન કે અરજીમાં પ્રશ્ન કર્તાનું પુરુ નામ, પુરેપુરુ સરનામું અને ફોન નંબર લખવાનો રહેશે. અરજીમાં અરજદારની સહી હોવી જરૂરી છે.

અરજી સ્પષ્ટ અને મુદ્દાસર સમજી શકાય તેવા આધારો સાથે મોકલવાની રહેશે, અલગ-અલગ વિષય દર્શાવતા પ્રશ્નો, અલગ-અલગ અરજીઓમાં મોકલવાના રહેશે. સરકારી કર્મચારીના નોકરીને લગતા પ્રશ્નો અને કોર્ટમાં ચાલતા પ્રશ્નો રજુ કરી શકાશે નહીં. પ્રશ્ન અરજદારશ્રીનો પોતાનો હોવો જોઈએ, બીજાનો પ્રશ્ન ધ્યાને લેવાશે નહીં. કોર્ટ મેટર, ચાલતા દાવાઓ, આક્ષેપો, અંગત રાગ-દ્વેષને લગતા પ્રશ્નો ધ્યાને લેવાશે નહીં. તાલુકા કક્ષાના પ્રશ્ન માટે સબંધિત મામલતદારને અરજી કરવાની રહેશે.તા.૧૦-૦૫-૨૦૨૫ બાદ આવેલ પ્રશ્નો કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહી જેની દરેક અરજદારોએ ખાસ નોંધ લેવી.

જિલ્લા કલેકટર કચેરી, રાજકોટ ખાતે તા. ૨૨-૦૫-૨૦૨૫ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે કચેરીના ત્રીજા માળે સભાખંડમાં કલેકટર તથા સંબંધિત ખાતાના અધિકારીઓ મહેસુલી તંત્ર, જિલ્લા પંચાયત, પોલીસ વિભાગ, પી.જી.વી.સી.એલ., એસ.ટી., પાણી પુરવઠા બોર્ડના પ્રશ્નો સાંભળશે. અન્ય ખાતાના પ્રશ્નો હોય તો તે પ્રશ્નો જે તે ખાતાને જ મુદ્દત હરોળ રજુ કરવા અંગે ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

તા.૧૦-૦૫-૨૦૨૫ બાદ આવેલ કે અસંદિગ્ધ અને અસ્પષ્ટ રજુઆતવાળી, નામ સરનામાં વગરની કે વ્યકિતગત આક્ષેપોવાળી તેમજ અરજદારનું હિત સંકળાયેલ ન હોય તેવી તથા કોર્ટ મેટર, આંતરિક તકરાર, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે નોકરી, પ્રથમ વખતની અરજી પર કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં જેની અરજદારોએ ખાસ નોંધ લેવા જનસંપર્ક અધિકારી, જિલ્લા કલેકટર કચેરી, રાજકોટની યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# બોરવેલ અંગેના નિયંત્રણો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ખુલ્લા બોરને કારણે રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારની હદમાં બનતા જીવલેણ અકસ્માતો અટકાવવા રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ નીચે મુજબના આદેશો તા. ૩૦/૦૬/૨૦૨૫ સુધી જારી કર્યા છે.

જે અનુસાર જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સંબંધિત વિભાગની મંજૂરી મેળવેલ છે તે અંગેની જાણ જમીન માલિક/બોર માલિક તથા બોર બનાવતી એજન્સીએ સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરવાની રહેશે, બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ ન થાય અથવા બોરવેલમાં કોઈ બાળક કે અન્ય વ્યક્તિ કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગે બોરવેલને ફરતી મજબૂત ફેન્સીંગ વાડ/દિવાલ કરાવવાની રહેશે અને તે અંગેની ખાતરી સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે, જૂના, બંધ પડેલ તથા અવાવરૂ પરિસ્થિતિ હોય તેવા બોરવેલના જમીન માલિકોએ બોરવેલની પાઈપલાઈન બંધ કરવા તમામ કાળજી રાખવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૮ મે ના રોજ યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાઓનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૮-૦૫-૨૦૨૫એ સંબંધિત તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંગેના પ્રશ્નો બે નકલમાં અરજદારોએ પોતાના લગત તાલુકાના મામલતદારને તા.૧૦/૦૫/૨૦૨૫ સુધીમાં મોકલી આપવાના રહેશે. આ કાર્યક્રમમાં કર્મચારીઓની નોકરી અંગેના કોર્ટમાં કેસો ચાલુ હોય તે બાબતના, ન્યાયિક કે અર્ધન્યાયિક બાબતને લગતા પ્રશ્નો તેમજ આ કાર્યક્રમમાં અગાઉ રજૂ થયેલ પ્રશ્નો ફરીથી રજૂ કરવાના રહેશે નહીં તેમજ પ્રથમ વખત અરજી કરતા હોય તેવા પ્રશ્ન રજૂ કરવા નહીં. અરજીના મથાળે ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ'' કાર્યક્રમ માટેની અરજી એમ લખવાનું રહેશે જેમાં એક અરજીમાં એક જ પ્રશ્ન મોકલી શકાશે. અરજી બે નકલમાં જરૂરી પુરાવા સાથે મોકલી આપવાની રહેશે તેમ જનસંપર્ક અધિકારી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજકોટ શહેરમાં વાહનોની લે-વેચ સંદર્ભે સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશમાં ગુનાઈત કે આતંકી પ્રવૃત્તિઓમાં વાહનોના ઉપયોગના કિસ્સાઓને ધ્યાને લઈને રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ વાહનોની લે-વેચ માટે નિયમો લાગુ કરતા આદેશો બહાર પાડ્યા છે.

જે મુજબ વાહન ખરીદનારાને બિલ આપવાનું રહેશે અને તેની સ્થળપ્રત કબજામાં રાખવાની રહેશે. ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશન કાર્ડ, આધાર કાર્ડ કે નોકરી સ્થળનું



ઓળખપત્ર, શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારા-સભ્ય, સાંસદ, કોઈપણ ખાતાના તરફથી મેળવેલા ઓળખ પત્રક, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી વાહન વેચાણ કરનારે મેળવવાનો તથા તેનો રેકોર્ડ નિભાવવાનો રહેશે.

ઉપરાંત, બીલમાં ખરીદનારનું પુરૂ નામ, સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર, વાહનનો ફ્રેમ નંબર, એન્જીન નંબર અને ચેસીસ નંબર હોવો આવશ્યક છે. સાયકલ, સ્કુટર, મોટર સાયકલ સહિત ટુ વ્હીલર તથા ફોર વ્હીલરના વેચાણકર્તા પાસે પોલીસ અધિકારી તરફથી માંગવામાં આવે ત્યારે જરૂરી માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજૂ કરવાના રહેશે. આ આદેશ તા. ૩૦/૦૬/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# જુનિયર કલાર્ક અને નીટ પરીક્ષા કેન્દ્રો આસપાસ અનઅધિકૃત વ્યકિતઓએ પ્રવેશવા પર પ્રતિબંધ

## પરીક્ષાર્થીઓ પુસ્તક, મોબાઈલ ફોન, ટેબ્લેટ જેવા ઉપકરણો પરીક્ષા ખંડમાં લઈ જઈ શકશે નહીં

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુનિયર કલાર્કની લેખિત પરીક્ષા, રાજકોટ શહેરમાં અલગ-અલગ ૧૧૦ કેન્દ્રો ખાતે તા.૦૪-૦૫-૨૦૨૫ ના રોજ સવારે ૧૧૦૦ કલાકથી ૧૨૩૦ વાગ્યા દરમ્યાન લેવાનાર છે. તેમજ રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, ન્યુ દિલ્હી દ્વારા National Eligibility Cum Entrance Test (NEET) ની પરીક્ષા રાજકોટ શહેરમાં અલગ-અલગ ૧૩ કેન્દ્રોમાં તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ બપોરે ૧૪/૦૦ થી ૧૮/૦૦ કલાક સુધી રાજકોટ શહેરમાં લેવાનાર છે.

આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તે માટે પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્રોનાં કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ૧૦૦ મીટરની ત્રિજીયા વિસ્તારમાં કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી.આ ઉપરાંત શાળાઓ, કોલેજો (પરીક્ષા કેન્દ્રો) માં પ્રવેશ કરશે નહીં, વાહન લઈ જઈ શકશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થશે નહીં.વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ પ્રશ્નપત્રને લગતું સાહિત્ય, પુસ્તક, ચાર્ટ મોબાઈલ ફોન, ટેબ્લેટ વગેરે જેવા ડિજિટલ ઉપકરણો પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જઈ શકશે નહીં. તેમજ ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઈને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ પ્રતિબંધ મૂક્યા છે. આ આદેશ નો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# ઉપલેટા તાલુકાના મોજીરા ગામે રામદેવજી મહારાજનો બાર પહોર પાટોત્સવનું આયોજન






**મુખ્ય સમાચાર વિજય રાડીયા ભાયાવદર**

ઉપલેટા તાલુકાના મોજીરા ગામે પરમ કૃપાળુ શ્રી રામદેવજી મહારાજ ની અસીમ અલખ નકલંગ ધણીની કૃપાથી અને ભક્તો સંતાપો મટાડી શરીર મનમાં આધી. વ્યાધિ ઉપાધિ દરિદ્રતા મટાડી અધર્મનો નાશ કરી ધર્મનું રક્ષણ કરનારા એવા સત્ય સનાતન ધર્મના પરમ જ્યોતિ સ્વરૂપ નેજાધારી શ્રી રામદેવજી મહારાજની અસીમ કૃપા થી મોજીરા ગામમાં સમસ્ત સહકારથી સંતો મહંત ધર્મ પ્રેમી ભાવિક ભક્તો તેમજ જતીશતી સાથે આ શુભ શ્રી રામદેવજી મહારાજનો બાર પહોર પાટોત્સવ રાખેલ છે.

તો આ શુભ અવસરને દીપાવવા અને વચન નો વિવેક લઈ ધર્મ ધ્વજાને ફરકાવવા અને જ્યોત અને જ્યોતપાટના દર્શનનો લાભ લેવા પધારવા શ્રી મોજીરા ગામ સમસ્ત ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવે છે જ્યોતિસ્વરૂપ કુંભ થાપના તારીખ ૩૦-૪-૨૦૨૫ બુધવારે સવારે ૮ કલાકે હરિગુરુ સંતોના સામૈયા તારીખ ૨-૫-૨૦૨૫ શુક્રવારે બપોરે ૩ કલાકે જ્યોત પ્રાગટ્ય તારીખ ૨-૫-૨૦૨૫ શુક્રવાર સાંજે ૭ કલાકે ધર્મ જ્યોતિ પૂર્ણાહૂતિ તારીખ ૪-૫-૨૦૨૫ ના રવિવારે સવારે શુભ ચોઘડીએ બારપહોર પાટોત્સવના પ્રારંભથી પુર્ણાહુતિ સુધીની ભોજન પ્રસાદ વ્યવસ્થા રાખેલ છે મહોત્સવ નો શુભ સ્થળ શ્રી આહીર સમાજ મોજીરા સાથે સંતવાણી આરાધક દેવાયતભાઈ ભારાઈ તથા ગ્રુપ અને નામી અનામી કલાકારો તારીખ ૨-૫-૨૦૨૫ના શુક્રવારે તથા તારીખ ૩-૫-૨૦૨૫ ના શનિવારે રાત્રે ૯:૩૦ કલાકે અને પાટોત્સવના ગાદીપતિ કોટવાર જયેશભાઈ ગોંડલીયા ગાદીપતિ, બચુભાઈ સુવા અખંડ કોટવાર સહદેવસિંહ ચુડાસમા અખંડ કોટવાર, કારાભાઈ રાવત કુંભ સ્થાપના કોટવાર, વિરમભાઈ ભુવા દરવાણી, ભરતભાઈ મારડિયા દરવાણી કોટવાર, નિમંત્રણ સમસ્ત મોજીરા ગામ તરફથી આમંત્રણ પાઠવવામાં આવી રહ્યું છે.

# કચ્છ સહિત સૌરાષ્ટ્રમાં માવઠાની આગાહી

ગઈકાલે પણ રાજયમાં ૯ સ્થળોએ ૪૦ થી ૪૩ ડિગ્રી સુધીનું આકરૂ તાપમાન નોંધાયું હતું.જેમાં, રાજકોટમાં ૪૩.૧, અમદાવાદમાં ૪૩.૪, અમરેલીમાં ૪૨.૨, ભાવનગરમાં ૪૧.૬, ભુજમાં ૪૦ ડાંગમાં ૪૦, ડિસામાં ૪૦.૨, તથા ગાંધીનગરમાં ૪૩.૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જયારે ગોહિલવાડમાં ગરમી નું જોર વધ્યું છે. આજનું ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન વધીને ૪૧.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૩% રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૩૦ સળ પ્રતિ કલાકની રહી છે. ગરમીને કારણે શહેરના રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા.ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે રવિવારથી વાતાવરણમાં પલટાનો યોગ છે. રવિવારથી શુક્રવાર એમ આગામી ૬ દિવસ ગુજરાતમાં ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ પવન ફૂંકાવવા ઉપરાંત ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે.

# મોરબીમાં યંગ ઈન્ડિયા ગ્રૂપ દ્વારા વિવિધ સ્થળે ઠંડા સરબતનું વિતરણ કરાયું

## ગરમીના પ્રકોપ સામે રાહદારીઓને લીંબુ અને વરિયાળીનું સરબત પીવડાવી ટાઢક પહોંચાડી

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી હમણાંથી સૂર્ય પ્રકોપને લીધે હિટવેવ જેવી સ્થિતિ સર્જાતા જનજીવન આકુળ વ્યાકુળ થઈ ગયું છે અને અંગ દઝાડતી ગરમીને લીધે લોકો રીતસર શેકાય રહ્યા છે. ત્યારે મોરબીમાં તમામ જન સમુદાયના હિતમાં કાર્ય કરતા યંગ ઈન્ડિયા ગ્રુપે આવી કાળઝાળ ગરમીમાં લોકોની વહારે આવી શહેરના વિવિધ સ્થળે હેલ્થી લીબુ સરબત અને વરિયાળી સરબત વિતરણ કરવામાં આવ્યું હતું.

મોરબીમાં અનેક સેવાકીય, સામાજિક, શૈક્ષણિક સહિત તમામ ક્ષેત્રે લોકોને ઉપયોગી પ્રવૃત્તિઓ કરીને દેશ અને સમાજમાં ક્રાંતિકારી પ્રયાસો કરનાર યંગ ઈન્ડિયા ગ્રૂપ દ્વારા હાલના ઉનાળાના બળબળતા તાપ સામે લોકોના આરોગ્યના હિત માટે ઠંડા લીંબુ સરબત અને વરિયાળી સરબતનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યંગ ઈન્ડિયા ગ્રુપના તમામ સભ્યોએ ઉમિયા સર્કલ, રવાપર ચોકડી, ગાંધીચોક, જુના અને નવા બસ સ્ટેન્ડે, દલવાડી સર્કલ, સામાકાંઠે આવેલ મહારાણા પ્રતાપ સર્કલ, ત્રાજપર ચોકડીએ પસાર થતા અસંખ્ય લોકોને ઠંડા લીંબુ સરબત અને વરિયાળી સરબત પીવડાવી આગઝરતી ગરમીમાં રાહત આપી હતી. તેમજ શ્રમજીવીઓ જ્યાં જ્યાં કામ કરતા હોય તે સ્થળે જઈને પણ શ્રમિકોને ઠંડા લીંબુ સરબત અને વરિયાળીનું સરબત પીવડાવ્યું હતું. આ અંગે યંગ ઈન્ડિયા ગ્રૂપના મેન્ટોર ડો.દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું કે, હાલની ગરમીએ લોકોને તોબા પોકરાવી દીધા છે. બપોરે તો બહાર નીકળી પણ ન શકાય તેવી ગરમી પડે છે. ત્યારે કામ સબબ નીકળતા અને ખુલ્લામાં મજૂરી કામ કરતા શ્રમિકોના આરોગ્ય માટે ઠંડા લીંબુ સરબત અને વરિયાળી સરબત એકદમ રાહતરૂપ છે. એટલે હમણાં જ્યાં સુધી આવી સખત ગરમી પડે છે ત્યાં સુધી યંગ ઈન્ડિયા ગ્રૂપ દ્વારા ઠંડા લીંબુ સરબત અને વરિયાળી સરબતનું વિતરણ કરવામાં આવશે. સાથેસાથે લોકોને કામ સિવાય બપોરે ઘરની બહાર ન નીકળવા અને જો કદાચ ખરા બપોરે કામ માટે નીકળવાનું થાય તો લોકોને માથે ટોપી અને શરીરના તમામ અંગ ઢાંકીને નીકળવાની સલાહ આપી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આ લે લે... બાતમીદારે બ્રાન્ચને બાતમી આપી તો સ્થાનિક પોલીસને માઠું લાગી આવ્યું...!



## ત્રણ મહિના જૂની અરજી ના આધારે ગુનો નોંધી બાતમીદારોને ફિટ કરી દેવાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં પોલીસની કાબિલેદ કામગીરી પાછળ બાથમીદારો નો રોલ મહત્વનો હોય છે ત્યારે પોલીસે નાના ધંધાર્થીઓને ઝડપી લીધા બાદ તેને લાલચ આપી કામ આપવાનું કહેવામાં આવે છે અને ધંધો કરવાની છૂટ ની લાલચે કેટલાક ગેરકાયદેસર ધંધો કરતા લોકો પોલીસને કામ (બાતમી) આપે છે ત્યારે સ્થાનિક પોલીસ ના ઈજાફા બંધ કરવા કે અન્ય કોઈ સજા રૂપે કાર્યવાહી કરવી તે ઉચ્ચ અધિકારીઓ નક્કી કરતા હોય છે જેના કારણે બાદમીદારો ને સ્થાનિક પોલીસ દાઢમાં રાખી તેની પાછળ પડી એન કેન પ્રકારે કોઈ કેસમાં ફીટ કરી દેવાની ઈરાકમાં કોઈ એવો કિસ્સો સામે આવ્યો છે

શહેરમાં થોડા સમય પહેલા જ એક ઘટના બની હતી જેમાં મહિલા સહિતના બાદમીદારો એ એક મહત્વપૂર્ણ બાતમી મહત્વની બ્રાન્ચને આપી હતી અને તેના પર પોલીસે કાર્યવાહી કરતા મસ્ત મોટો જથ્થો પકડાયો હતો તેના બદલામાં મહત્વની બ્રાન્ચ દ્વારા બાદ મીદારોને છાના ખૂણે ધંધો કરવાની છૂટ આપી હોય તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે

જ્યારે બીજી બાજુ મહત્વની બ્રાન્ચને આપેલી બાતમી ના કારણે સ્થાનિક પોલીસને માઠું લાગી આવ્યું હોય તેમ બાતમીદારો વિરુદ્ધ ત્રણ મહિના જૂની અરજી બહાર કાઢી ગુનો નોંધી ખેલ પાડવામાં આવ્યો હોય તેવું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે

પોલીસ માટે બાદમીદાર માત્ર એક મોહરુજ હોય છે જેની મદદથી પોલીસની કાબીલેદાદ કામગીરી ચોપડે નોંધાય છે અને લોકો પોલીસની વાહ વાહ કરતા હોય છે જ્યારે ઉચ્ચ અધિકારીઓ કામગીરી કરનાર પોલીસને ઇનામ કે અન્ય કોઈ મેડલ આપી સન્માનિત કરતા હોય છે પરંતુ બાથમી આપનાર વ્યક્તિને અન્ય ગુનેગાર સાથે દુશ્મનાવટ અને સ્થાનિક પોલીસ ની નજરમાં બાતમીદાર હંમેશને માટે શંકાસ્પદ વ્યક્તિ તરીકેની ભૂમિકામાં રહે છે.

### 'સિસ્ટમ'ના કારણે બ્રાન્ચોને બખ્ખા : સ્થાનિક પોલીસને ચા ના બિલ ચૂકવવામાં ફાંફાં

શહેરમાં સિસ્ટમથી ચાલતા ગોરખ ધંધા ને બ્રાન્ચો આપેલો ખુલ્લો દોર ના કારણે સ્થાનિક પોલીસ સિસ્ટમમાં આવતા લોકો સામે કોઈ કાર્યવાહી કરી શકતી ન હોય અને સિસ્ટમ ને કારણે મલાઈ તારવી લેતા બ્રાન્ચોના સ્ટાફ ના કારણે સ્થાનિક પોલીસ અને માત્ર સિસ્ટમમાં રહી કામ કરવાની ફરજ પાડવામાં આવતી હોય તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતી ઘટનાઓ મારામારી હત્યા કે અન્ય કોઈ ગુનામાં પોલીસને માત્ર કાયદામાં રહી કાગળની કામગીરી જ કરવાનું હોય તેવું જાણવા મળ્યું છે પોતાના વિસ્તારમાં ચાલતા ગોરખ ધંધા ને બ્રાન્ચોની મંજૂરી હોય જેથી સ્થાનિક પોલીસ જાણવા છતાં આંખ આડા કાન કરવા પડે તેવું વર્તાઈ રહ્યું છે કમાણી નહીં કરી શકતા ચા ના બિલ પણ ન ચૂકવતા હોય તેવું જાણકારોમાં ચર્ચા રહ્યું છે

### જુના જોગીઓની મહત્વની બ્રાન્ચમાં નિમણૂક થતા "સિસ્ટમ"ને ખુલ્લો દોર

રાજકોટના ઈતિહાસમાં ભૂતકાળમાં પોલીસ કમિશનરનું હવાલા કાંડ અને ક્રાઈમ બ્રાન્ચ ના તોડ કાંડ અંગે ભૂતકાળમાં ધારાસભ્યના લેટર બોમ્બ થી ભારે હોબાળો ગુજરાતભર મચી જવા પામ્યો હતો અને બાદમાં શહેર પોલીસ કમિશનર ની બદલી કરવામાં આવી હતી તથા મહત્વની બ્રાન્ચોમાં વિવાદાસપદ પોલીસમેનોની આંતરિક બદલીઓ કરાઈ હતી ત્યારબાદ શહેર પોલીસ વિભાગમાં પ્રામાણિક ઉચ્ચ અધિકારીઓની નિમણૂક કરવામાં આવતા વિવાદાસ્પદ પોલીસમેનો હાશિયામાં ધકેલાઈ ગયા હતા પરંતુ સમય જતા કમાણી કરતા લોકોની ફરી જરૂરિયાત જણા હતા ઉચ્ચ અધિકારીઓ દ્વારા ધીમે ધીમે મહત્વની બ્રાન્ચોમાં કરી જુના જોગીઓને ગોઠવી દેવામાં આવ્યા છે ત્યારે કહી શકાય કે શહેરમાં સિસ્ટમથી ચાલતા ગોરખ ધંધા બંધ તો નહોતા થયા પરંતુ હવે આ સિસ્ટમથી ચાલતા ગોરખધંધા ને છૂટો દોર મળશે તેવા અણસાર આવી રહ્યા છે

### દારૂ જુગાર કે અન્ય રેડ કર્યા બાદ પોલીસ સ્ટેશનને પહોંચે તે પહેલા રસ્તામાં મામલો રફેદફે

શહેરમાં ગુનાખોરી નું પ્રમાણ વધ્યું કે ઘટ્યું તેના આંકડા માત્ર પોલીસ અધિકારીઓ સાચા આપે તો જ લોકો સુધી સાચી માહિતી પહોંચે પરંતુ હાલ શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ ઘટ્યું હોય તેવો ઘાટ ઉભો કરવા કેટલાક ગુનાની માહિતી પત્રકારોથી પણ અધિકારીઓ છુપાવતા હોય તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે મહત્વની બ્રાન્ચોમાં જે કામગીરી કરવામાં આવી રહી છે અને જે કામગીરી કાગળ ઉપર બતાવવામાં આવતી હોય તેમાં ઘણો તફાવત હોય તેવું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે કેટલાક કિસ્સાઓમાં તો દારૂ જુગાર કે અન્ય રેડ પોલીસે કર્યા બાદ મામલો પોલીસ મથકે પહોંચે તે પહેલા રસ્તામાં લાગતા વળગતા ના ફોનની ઘંટડી વાગી જતા મામલો રસ્તામાં જ રફા દફા કરી દેવામાં આવતો હોય તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે

# ટીઆરપી અગ્નિકાંડ પીડિતોને ગેમઝોનના માલિકે વળતર આપવું જોઈએ: ગુજરાત હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

રાજકોટ ટીઆરપી અગ્નિકાંડ મુદ્દે હાઈકોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. સુનાવણીમાં ભોગ બનનારે વધુ વળતરની માગ કરી હતી. કોર્ટે કહ્યું હતું કે, અગ્નિકાંડની ઘટનામાં માલિક જ દોષિત છે. જેથી ભોગ બનનારને વળતર માલિકના ખીસ્સામાંથી જ આપવું જોઈએ. બીજી તરફ રાજ્ય સરકારે કોર્ટમાં દલીલ કરી હતી કે, ઓફિસર જ્યુડિશલ કસ્ટડીમાં છે તેથી ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી પેન્ડિંગ છે. કોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે, ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી શા માટે પૂરી નથી થઈ. વર્ચ્યુઅલ હિયરિંગથી ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરી થઈ શકે છે. કોઈ ફાઈનલ એક્શન લેવામાં આવ્યું નથી.

કોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે, સ્ટેટ ફાયર સર્વિસ અંતર્ગત ડિરેક્ટરનું શું કામ છે?ફાયર વિભાગમાં કેટલી જગ્યા ખાલી છે તેની માહિતી આપો. હોસ્પિટલમાં ફાયર સેફ્ટીની શું સ્થિતિ છે તે તપાસ કરો. સરકારે કોર્ટને કહ્યું હતું કે, ૧૩૭ખાનગી શાળામાં ફાયર ની પ્રોસેસ ચાલુ છે. રાજ્યમાં મહાનગરપાલિકા નગરપાલિકા અને પંચાયત એમ ત્રણેય સંસ્થાઓ સ્વાયત હોય છે તો સ્ટેટ ફાયર સર્વિસ અંતર્ગત ડિરેક્ટરનું શું કામ. કોર્ટે કહ્યું



હતું કે, ડિપાર્ટમેન્ટ ઈન્કવાયરી આ રીતે થશે તો ક્યારેય પૂર્ણ નહીં થાય. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું રાજ્યમાં મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયત એમ ત્રણેય સંસ્થાઓ સ્વાયત હોય છે.તો સ્ટેટ ફાયર સર્વિસ અંતર્ગત ડિરેક્ટરનું શું કામ છે. રાજ્યમાં ફાયર વિભાગનું સ્પષ્ટ માળખું તેમજ કેટલી જગ્યા ફાયર વિભાગમાં ખાલી છે તે માહિતી કોર્ટમાં રજૂ કરવા આદેશ કર્યો હતો. કોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે, ગેમઝોન ઘટનામાં માલિકો પાસેથી પીડિતોએ કોઈ દાવો દાખલ કર્યો છે? જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી ક્યાં સુધી પહોંચી છે. સરકારે કોર્ટને કહ્યું હતું કે, જવાબદાર અધિકારીઓને

# ભીમરાવનગરમાં યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પત્ની ગણેશ ચોથ કરવા માવતરે ગયા બાદ પગલું ભર્યું; કારણ અકબંધ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજીડેમ ચોકડી નજીક આવેલા માંડા ડુંગરમાં ભીમરાવનગરમાં રહેતા યુવાને પત્ની ગણેશ ચોથ કરવા માવતરે ગયા બાદ પાછળથી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પત્ની માવતરેથી પરત આવી ત્યારે પતિને લટકતો જોઈ હતપ્રભ બની ગઈ હતી. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ભીમરાવનગરમાં રહેતા મહેશ વાઘજીભાઈ ધોળકીયા (ઉ.વ.30)નામના યુવાને પોતાના ઘરે લોખંડના પાઈપમાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેની પત્ની કાજલબેન ગણેશ ચોથ કરવા માવતરે ગઈ હતી. જયાથી સવારે પરત ઘરે આવતા દરવાજો અંદરથી બંધ હોય ખટખાટવા છ્તા દરવાજો ન ખોલતા પાડોશીએ દીવાલ ટપી અંદરથી દરવાજો ખોલ્યા બાદ ઘરમાં જતા પતિ લટકતી હાલતમાં મળી આવ્યો હતો. આ અંગે આજીડેમ પોલીસ મથકના સ્ટાફે ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ ત્રણ બહેનમાં નાનો અને કડીયા કામ કરતો હતો. તેને સંતાનમાં આઠ વર્ષની પુત્રી હોવાનું જાણવા મળ્યુ છે. જો કે, તેણે આ પગલુ શા માટે ભરી લીધું તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી આઠ વર્ષની પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો છે.

# શહેરમાં મસ્જિદ-મદ્રેસામાં પોલીસનું સર્ચ ઓપરેશન: વધુ છ બાંગ્લાદેશી પકડાયા

શખ્સો ઉપર પોલીસની બાજ નજર; એક અઠવાડિયામાં ૨૧ની ધરપકડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહીત ગુજરાતમા ગેરકાયદેસર રીતે વસવાટ કરતા બાંગ્લાદેશીઓને શોધવા પોલીસે છેલ્લા એક સપ્તાહથી શરૂ કરેલા સર્ચ ઓપરેશનમા રાજકોટ સહિત ગુજરાતમાં ઘુષણખોરી કરનાર બાંગ્લાદેશીઓ ઝડપાયા છે.

રાજકોટમા એસઓજી, ક્રાઈમ બ્રાંચ સહીતની પોલીસની ટીમોએ શહેરનાં અલગ અલગ મદ્રેસા અને મસ્જીદોમા તપાસ શરૂ કરી છે. બીજી તરફ શહેરભરનાં અલગ અલગ વિસ્તારોમા હાથ ધરેલા સર્ચ ઓપરેશનમાં કેટલાક વિસ્તારોમાથી વધુ છ જેટલા બાંગ્લાદેશી મળી આવ્યા છે. જેની ધરપકડ કરવામાં આવી છે અને તેનાં દસ્તાવેજોની ચકાસણી શરૂ કરવામા આવી છે.

કાશ્મીરમા બનેલી આતંકવાદી હુમલાની ઘટના બાદ દેશની સુરક્ષાને લઈ ને રાજકોટમા સોની બજાર, રામનાથપરા, હાથીખાના, ભગવતીપરા સહીતનાં વિસ્તારોમા હાથ ધરેલા સર્ચ ઓપરેશનમા અગાઉ ૧૫ બાંગ્લાદેશી ઝડપાયા બાદ પોલીસે હાથ ધરેલા આ સર્ચ ઓપરેશનમા વધુ છ બાંગ્લાદેશી પકડાય જતા અત્યાર સુધીમાં કુલ ૨૧ બાંગ્લાદેશીને સકંજામા લેવામા આવ્યા છે.

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા ની સુચનાથી એસઓજી, ક્રાઈમ બ્રાંચ તથા તમામ પોલીસ મથકની અલગ અલગ ટીમોએ પોતાનાં વિસ્તારમા આવેલ મસ્જીદો અને મદ્રેસાઓમા સર્ચ ઓપરેશન કર્યું હતુ અને આ મામલે લઘુમતી સમાજનાં અગ્રણીઓ સાથે મીટીંગ યોજી મસ્જીદ કે મદ્રેસામા કોઈ શકમંદ

બાગ્લાદેશી કે અન્ય કોઈ શખ્સ આવે તો પોલીસને જાણ કરવા સૂચના આપી હતી. શહેરનાં સંવેદનશીલ વિસ્તારોમા પોલીસ દ્વારા ચાપતી નજર રાખવામાં આવી રહી છે. અને પોલીસે મસ્જીદ અને મદ્રેસાઓમાં સર્ચ કર્યું હતુ જોકે કોઈ શંકાસ્પદ બાબત ધ્યાને આવી નથી.

# થોરાળા વિસ્તારમાં મચ્છરોના ત્રાસથી લોકો ત્રાહિમામ







## રાજકોટ મહાનગરપાલિકાના તંત્ર વાહકોને અનેકવાર રજૂઆત કરાઈ, રજૂઆત બાદ આજી નદીમાં ગાંડીવેલ કાઢવા મનપાએ માત્ર બે માણસો મોકલ્યા: તંત્ર વાહકોની લાલીયાવાડીથી ગાડીવેલ કાઢવાનું કામ ખોરંભે ચડ્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં આવેલી આજી નદીમાં ગાડીવેલ ના કારણે મચ્છરોનો ઉપદ્રવ અસહિય બન્યો છે ત્યારે થોરડા વિસ્તારના લોકો મચ્છરોથી ત્રાહિમામ પોકારી ગયા છે અને અનેકવાર રાજકોટ મહાનગરપાલિકા ના તંત્ર વાહકોને રજૂઆત કરવા છતાં કોઈ નોંધનીય કામગીરી કરવામાં આવી ન હતી. ત્યારબાદ લત્તાવાસી વચ્ચે લેખિતમાં ફરિયાદ કરતા તંત્ર વાહકો કુંભકર્ણ નિંદ્રામાંથી ઊઠીને માત્ર બે માણસો મોકલી આજી નદીમાં આવેલ ગાડીવેલ કાઢવાનું કાર્ય શરૂ કર્યું છે ત્યારે જો આમ જ ચાલે તો વર્ષો વીતી જાય છતાં આજી નદીમાંથી ગાડીવેલ દૂર કરી શકાય નહીં તેઓ ઘાટ જોવા મળી રહ્યો હતો

આજી નદીની અંદર દર ચોમાસા પછી પડતર પાણીના કારણે ગાંડીવેલ ઉગી આવતી હોય અને મચ્છરનો ઉપદ્રવ વધી જતો હોય જેના કારણે નદીની આસપાસના વિસ્તારમાં રહેતા લોકોને મચ્છરનો અસહ્ય ત્રાસ સહન કરવાની ફરજ પડી રહી છે આ વિસ્તારના જાગૃત નાગરિક દ્વારા છેલ્લા ઘણા સમયથી રાજકોટ મહાનગરપાલિકાના ૦૨૮૧૨૪૫૦૦૭૭ પર અનેકવાર આજી નદીમાંથી ગાંડીવેલ દૂર કરવા ની ફરિયાદ કરવામાં આવી હોય પરંતુ તંત્ર વાહકો કુંભ કર્ણ નિંદ્રામાં સુતા હોય અને વળતા જવાબમાં લેખિતમાં અરજી આપવાનું કહેવામાં આવતા આ વિસ્તારના લોકોએ રાજકોટ મહાનગરપાલિકામાં લેખિતમાં અરજી આપી ગાડીવેલ દૂર કરવાની ફરિયાદ કરી છે ત્યારબાદ તંત્ર વાહકોની આંખ ઉઘડતા આજે મહાનગરપાલિકા ના અધિકારીઓએ આજી નદીમાં ગાડીવેલ દૂર કરવા માટે માત્ર બે માણસોને જ ફાળવ્યા હતા જો આજી નદીમાં ગાડીવેલ દૂર કરવા માટે માત્ર બે માણસો જ કામ કરે તો વર્ષો સુધી ગાડીવેલ દૂર કરવા ની કામગીરી પૂર્ણ ન થાય અને ચોમાસુ આવે એટલે નવી વેલ ઊંઘી જાય પરંતુ તંત્ર વાહકોને આવો કોઈ વિચાર ન આવ્યો હોય તેમ માત્ર આ વિસ્તારના લોકોને મચ્છરનો ત્રાસથી છોડાવવા અને ગાડીવેલ દૂર કરવા માત્ર બે માણસો જ ફાળવ્યા હતા આ અંગે સુપરવાઈઝરને રજૂઆત કરતા તેઓએ નફ્તાઈ ભર્યો જવાબ આપ્યો હતો કે અમને અધિકારીઓ જેસીબી નથી ફાવતા એટલે માણસો પાસે કામ કરાવવું પડે છે.

### રાજકોટ જિલ્લા જેલમાં કેદીનું બિમારી સબબ બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા જેલમાં બિમારી સબબ બેભાન થઈ જતા કેદીને સારવાર માટે સિવિલ હાસિપિટલમાં ખસેડવામાં આવતા સારવાર દરમિયાન તેનુ મોત નીપજ્યુ હતુ. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ પોપટપરામાં આવેલી રાજકોટ સેન્ટ્રલ જેલમાં રહેલા કેદી સંજય ગુલાબભાઈ સોલંકી (ઉ.વ.૪૫) ગઈકાલે તેની બેરેકમાં હતો ત્યારે અચાનક બેભાન થઈ જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા ચાલુ સારવાર દરમિયાન આજે તેનુ હોસ્પિટલના બીછાને મોત નીપજ્યુ હતુ. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્રનગર પોલીસેને જાણ કરતા પીએસઆઈ એસ.ડી.કોઠીવાર સહિતના સ્ટાફે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનુ ફોરેન્સીક પીએમ કરવા તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં કેદીનું બિમારીથી મૃત્યુ થયાનું ખૂલવા પામ્યું છે.

### ટંકારાના મિતાણા ગામે ઝેરી જનાવર કરડી જતા વૃધ્ધાનું મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારાના મિતાણા ગામે રહેતા લીલાબેન દેવજીભાઈ પારઘી ઉવ.૬૫ તા. ૦૧/૦૫ ના રોજ પોતાના ઘરે હોય ત્યારે વહેલી સવારમાં લીલાબેનને હાથમાં કોઈ ઝેરી જનાવર કરડી ગયું હતું. જેથી પરિવારજનો દ્વારા લીલાબેનને સારવાર અર્થે ટંકારા સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે તેઓને મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા, ત્યારે ટૂંકી સારવામાં લીલાબેનનું મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે મૃત્યુ નીપજ્યું હતું, મૃત્યુના બનાવ અંગે પોલીસને જાણ કરતા, પોલીસે અ.મોતની એન્ટ્રી કરી આગળની તપાસ ચલાવી છે.

# રૂડાની આવાસ યોજના રામભરોસે: પાણી માટે લોકોના વલખાં

અનેકવાર રજુઆતો કરવા છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં લોકોનો ભારે રોષ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઉનાળાના આકરા તાપ વચ્ચે પાણીની જરૂરિયાત વધવાની સાથે રૂડા હેઠળ આવતા ૨૦ ગામોમાં પીવાના પાણી મુદ્દે દેકારો બોલી ગયો છે. જેમાં ખાસ કરીને રૂડાની આવાસ યોજનાઓના તમામ બોર ડુકી જતાં અને ટેન્કરો શરૂ ન થતાં મોટાભાગની આવાસ યોજનાઓમાં મોંઘાભાવનું વેચાતુ પાણી લેવાની ફરજ પડી રહી છે અને આ મુદ્દે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

રાજકોટ શહેર અને જિલ્લામાં પાણીનો કકળાટ શરૂ થઈ ગયો છે અને મહાનગરપાલિકા તથા પાણી પુરવઠા બોર્ડ દ્વારા જ્યાં પાઈપલાઈનથી પાણી આપી શકાતું નથી ત્યાં ટેન્કરો દોડાવવાનું શરૂ કર્યું છે, પરંતુ તેમાં પણ વહાલા-દવલાની નીતિ અખત્યાર કરાયાનું બહાર આવ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં માથાદીઠ ૭૫ લિટર પાણી દૈનિક આપવામાં આવી રહ્યું છે ત્યારે બીજીબાજુ રૂડાએ ડેવલપ કરેલા ગામડાંઓની સોસાયટીમાં પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. પરંતુ રૂડા



દ્વારા વર્ષો પહેલા તેમજ હાલમાં તૈયાર કરવામાં આવેલ આવાસ યોજનાઓમાં કરવામાં આવેલા બોર ડુકી જતાં પાણીનો બોકાસો બોલી ગયો છે. અને હજુ બે મહિના પાર કરવા મુશ્કેલ બન્યા છે જેના લીધે રહેવાસીઓ દ્વારા રોજે રોજ પાણી મુદ્દે રૂડામાં રજૂઆતો કરવામાં આવી રહી છે. તેવી જ રીતે આવાસ યોજનાની આજુબાજુના વિસ્તારોમાં પણ લોકો કેરબા લઈને પાણી માટે દોડતા નજરે પડી રહ્યા છે. રૂડાના કામોમાં ટેન્કરથી પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે. પરંતુ આવાસ યોજનાના રહીસોનો કોઈ ભાવ પુછ્તુ ન હોય આ મુદ્દે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા માટેની તૈયારી આરંભાઈ છે.

રૂડા વિસ્તારના કુલ ૫૦માંથી ૨૦ ગામમાં પીવાના પાણીનો

# ચોટીલાનાં દેવસર ગામે છોકરી ની છેડતી બાબતે બે જૂથ વચ્ચે અથડામણ

**મુખ્ય સમાચાર,ચોટીલા**

ચોટીલાનાં દેવસર ગામે બે જૂથ વચ્ચે અથડામણ થતા પાચ ઈજાગ્રસ્તો ને હોસ્પિટલ ખસેડાતા દોડધામ મચી હતી આ અંગેની માહિતી મુજબ ચોટીલા નજીક આવેલા દેવસર ગામે એક જ જ્ઞાતિનાં બે જૂથ વચ્ચે કોઇ અગમ્ય કારણોસર સાંજે છ્રી, તલવાર, કુહાડી જેવા હથિયારો સાથે બાખડયા હતા આ અથડામણમાં એક મહિલા સહિત પાચ વ્યક્તિ ને ગંભીર ઈજા પહોચતા ડોળીયા અને ચોટીલાની ૧૦૮ મારફતે હોસ્પિટલ લાવવામાં આવેલ હતા ઝગડાનું કારણ બંન્ને જૂથ અલગ અલગ જણાવ્યું હતું જેમા એક જૂથના ઈજાગ્રસ્ત દ્વારા છોકરી ની છેડતી બાબતે ઠપકો દેતા ઝગડો થયો હોવાનું તો બીજા જૂથ દ્વારા પાણી



ભરવા બાબતે બોલાચાલી થતા ઝગડો થયાની કેફિયત આપી હતી બંન્ને જૂથ દ્વારા એકબીજા ઉપર આક્ષેપ કરાયા છે. મારામારીમાં અશ્વિન રમેશભાઈ માથાસુરીયા, રમેશ વેરસીભાઇ માથાસુરીયા, સજુંબેન રમેશભાઈ માથાસુરીયા, સુરેશ કાળુભાઈ અને માવજીભાઈ કાળુભાઈ ને ઈજા પહોચી હતી ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર ચોટીલા આપી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા ઝગડા અંગે હોસ્પિટલ દ્વારા પોલીસને જાણ કરાતા પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે.

# શહેરમાં રેલવે કર્મચારી સહિત વધુ ત્રણના હાર્ટ ફેઈલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં રેલવે કર્મચારી સહિત વધુ ત્રણના હાર્ટ ફેઇલ થઇ ગયા હતા. રેલનગર, જંગલેશ્વર અને લોધીકાના દેવગામમાં પ્રૌઢના હાર્ટ એટેકથી મોત નીપજતા ત્રણેય પરિવારમાં શોકની લાગણી છ્વાઇ જવા પામી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રેલનગર શેરી નં.૧માં રહેતા અને રેલવેમા રિઝર્વેશન વિભાગમાં સીઆરએસ તરીકે નોકરી કરતા નંદનકિશોરભાઈ રતીલાલ ભટ્ટ (ઉ.વ.૫૯)નામના પ્રૌઢ આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ જતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નીપજ્યુ હતુ. તબીબો દ્વારા હાર્ટ એટેકથી મોત થયાનું પ્રાથમિક અભીપ્રાય અપાયો હતો. આ અંગે પ્રનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી તપાસ



હાથ ધરી હતી. પ્રથામિક તપાસમાં મૃતક પાંચ ભાઈ ચાર બહેનમાં નાના અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. બીજા બનાવમાં જંગેલશ્વર મેઇન રોડ પર વેલનાથ ચોકમાં રહેતા શીવાભાઇ નાનજીભાઈ પરમાર (ઉ.વ.૫૭) નામના પ્રૌઢ આજે સવાર પોતાના ઘરે બેભાન થઈ જતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે જોઈ તપાસી હાર્ટ એટેકથી મોત થયાનું જાહેર કર્યું હતુ. મૃતક શીવાભાઈ અપરણીત હોવાનું અને રીક્ષા ચલાવી છે.

ગુજરાન ચલાવતા હોવાનું જાણવા મળ્યું છે. જયારે ત્રીજા બનાવમાં મોટા મવામાં ગરબી ચોકમાં રહેતા હીરાભાઈ માંડણભાઈ મેઘાણી (ઉ.વ.૫૯) નામના પ્રૌઢ લોધીકાના દેવગામમાં આવેલી પોતાની વાડીએ હતા ત્યારે અચાનક બેભાન થઈ જતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેમનું મોત નીપજ્યુ હતુ. પ્રૌઢને હાર્ટ એટેક આવી જતા પરિવારજનોમાં ગમગીની છ્વાઈ જવા પામીછે